સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક






વર્ષ : ૪૮ અંક : ૨૫૦ જૂનાગઢ તા.૦૩-૧૦-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 250, Junagadh : Date : 03 October, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# યુધ્ધ ઈફેકટ : સેન્સેકસમાં ૧૩૦૦ પોઈન્ટનો કડાકો



મુંબઈ તા.૩ મધ્યપૂર્વમાં ઈઝરાયેલ-લેબનોન યુદ્ધમાં ઈરાનની એન્ટ્રી તથા સૈન્ય દેશોના હાકલા પડકારાથી શેરબજારમાં મંદીનો આંચકો અનુભવાયો છે.

આજે પ્રારંભીક તબકકે જ સેન્સેકસમાં ૧૩૦૦ પોઈન્ટથી વધુનો કડાકો સર્જાવા સાથે ઈન્વેસ્ટરોની ૬ લાખ કરોડની મુડીનુ ધોવાણ થયુ હતું. શેરબજાર ઉપરાંત કરન્સી માર્કેટમાં પણ ડોલર સામે ભારતીય રૂપિયો દબાણ હેઠળ આવી ગયો હતો. શેરબજારમાં આજે શરૂઆત જ ગેપડાઉન હતી મધ્યપૂર્વમાં યુદ્ધ વધુ વકરતુ હોવાના એંધાણ તથા મહાસતાનાં દેશો એકબીજાની તરફેણમાં આવવા લાગતા મહાયુદ્ધ ફાટી નીકળવાના ભણકારાનો પ્રત્યાઘાત હતો. ક્રુડ તેલની સપ્લાયથી માંડીને વેપાર ઉદ્યોગ ક્ષેત્રને વ્યાપક અસર થવાની આશંકા વ્યંકત થવા લાગી હતી.

વિદેશી નાણા સંસ્થાઓ ફરી વેચવાલ બની રહ્યાના આંકડાની પણ આંશીક અસર હતી.જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ભૌગોલીક સ્થિતિનો જ પ્રત્યાઘાત છે. બાકી ભારતનાં અર્થતંત્ર કે અન્ય કોઈ મોરચે વિપરીત અસર નથી. જોકે ભવિષ્યમાં યુદ્ધની અસર ઉભી થઈ શકે. શેરબજારમાં આજે શરૂઆતથી જ વેચવાલીના મારા વચ્ચે મોટાભાગનાં શેરોમાં ઘટાડો રહ્યો હતો.

બજાજ ફાઈનાન્સ મારૂતી એરટેલ, એચડીએફસી બેંક, હિન્દ લીવર, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક, લાર્સન, મહિન્દ્રા, નેસલે, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, એશીયન પેઈન્ટસ, જેવા શેરોમાં ગાબડા હતા. મંદીબજારે પણ જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા સ્ટીલ, ઓએનજીસી, હિન્દાલકો જેવા શેરો ઉંચકાયા હતા.

## અમેરીકાનો ધાર્મિક સ્વાતંત્રતા રીપોર્ટ ભારત વિરોધી
## ધાર્મિક ભેદભાવ ધરાવતા દેશોમાં નામાંકિત કરવા ભલામણ

વોશીંગ્ટન, તા.૩ઃ અમેરિકી સરકારના કમિશને ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાના કથિત ઘટાડાને લઈને એક રિપોર્ટ જાહેર કર્યો છે, જેમાં વરિષ્ઠ નીતિ વિશ્લેષક સેમા હસને લખ્યું છે કે ભારતમાં ધાર્મિક લઘુમતીઓ અને તેમના પૂજા સ્થાનો પર હિંસક હુમલા થઈ રહ્યા છે. ધાર્મિક અશાંતિ ફેલાવવા માટે ખોટી માહિતી આપવામાં આવે છે. આ સિવાય સૌથી ચોંકાવનારી વાત એ છે કે રિપોર્ટમાં મુસ્લીમ વિરોધી, વકફ એમેન્ડમેન્ટ બિલ અને ગૌહત્યા વિરોધી કાયદાની વાત પણ કરવામાં આવી છે. આ બધાને કારણે અમેરીકી કમીશને ભારત દેશને ધાર્મિક ભેદભાવ ધરાવતા દેશોની યાદીમાં નામાંકિત કરવાની વિનંતી કરી છે. તેના વાર્ષિક અહેવાલમાં યુએસસીઆઈઆરએફએ યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટને વિનંતી કરી છે કે તે ધાર્મિક સ્તરે થઈ રહેલા ઉલ્લંઘનોને ધ્યાનમાં રાખીને ભારતને વિશેષ ચિંતાના દેશ તરીકે સામેલ કરે. જો કે, આ પહેલીવાર નથી જ્યારે યુએસ કમિશને ભારત વિરુદ્ધ ધર્મ સાથે સંબંધિત આવો રિપોર્ટ જાહેર કર્યો હોય. આ પહેલા પણ તેણે આવું કર્યું હતું. પરંતુ ભારત અને અમેરિકા વચ્ચે સારા સંબંધોને કારણે જો બિડેન પ્રશાસને **USCIRF** દ્વારા કરવામાં આવેલી વિનંતીને સ્વીકારવાનું ટાળ્યું છે.

**USCIRF** એ ધર્મ સંબંધિત અહેવાલમાં જણાવ્યું છે કે ભારતે **USCIRF**ના એવા લોકોને વિઝા આપવાનો ઈનકાર કર્યો છે જેઓ તેની આંતરિક બાબતોમાં દખલ કરે છે. આ સિવાય ત્યાં ધાર્મિક નેતાઓની મનસ્વી રીતે ધરપકડ કરવામાં આવે છે. ધર્મના આધારે ઘરો અને ધાર્મિક પૂજા સ્થળોને નિશાન બનાવવામાં આવે છે. આવી ઘટનાઓ સ્પષ્ટપણે ધાર્મિક સ્વતંત્રતાનું ગંભીર ઉલ્લંઘન છે.

## કંગનાએ વિવાદાસ્પદ પોસ્ટ કરી : ભાજપ માટે મુશ્કેલી સર્જી

નવી દિલ્હી,તા.૩ બોલવુડની ફાયર બ્રાન્ડ અભિનેત્રીમાંથી ભાજપની સાંસદ બનેલી કંગના રનૌત ફરી એક વખત વિવાદમાં ફસાઈ છે અને આ વખતે કંગનાએ ભાજપને પણ ફસાવ્યો છે. ગઈકાલે મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મ જયંતીએ કંગનાએ લાલબહાદુર શાસ્ત્રીને શ્રધ્ધાંજલીની એક પોસ્ટમાં રાષ્ટ્રપિતા તરીકે મહાત્મા ગાંધીના સ્થાન અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. કંગનાએ લખ્યુ કે, દેશના પિતા હોતા નથી લાલ હોય છે. (પુત્ર હોય છે) તે દેશના પુત્ર છે અને ધન્ય છે. આ ભારત પુત્રને....બાદમાં સ્વચ્છતા અંગે ગાંધીજીના વારસાને આગળ ધપાવવાનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપ્યો હતો. કોંગ્રેસ નેતા રાજકુમાર વર્માએ તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું કે કંગના વારંવાર દેશ વિરોધી વિધાનો કરી રહી છે તેની સામે દેશદ્રોહનો કેસ થવો જોઈએ. હાલમાં જ તેરે રદ કરાયેલા ત્રણ કૃષિ કાનુનો પાછા અમલમાં લાવવાની માંગ કરીને હરીયાણા ચૂંટણી સમયે જ ભાજપને મુશ્કેલીમાં મુકી દીધો હતો.

## મણિપુરમાં ફરી હિંસા ભડકી : જવાન સહિત ચારનાં મોત

ઈમ્ફાલ તા. ૩ મણિપુરમાં હિંસા વચ્ચે ટેંગનોપલ જિલ્લામાં સ્વચ્છતા અભિયાનના ભાગરુપે એક પ્લોટ સાફ કરાવવા મુદ્દે બે જુથ વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો. જેમાં ત્રણ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં સુરક્ષા માટે તૈનાત મણિપુર રાઈફલ્સના એક જવાનનો પણ સમાવેશ થાય છે. જ્યારે ચુરાચંદપુરમાં એક ઉગ્રવાદી ઠાર મરાયો હતો. મણિપુરના ઉખરુલ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનના ભાગરુપે એક પ્લોટની સાફસફાઈ દરમિયાન વિવાદ થયો હતો જેને કારણે બે જુથ વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો. આ ગોળીબારમાં એક જવાન સહીત ત્રણ લોકો માર્યા ગયા હતા. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં સુરક્ષાદળોને ખડકી દેવામાં આવ્યા છે.

## અયોધ્યામાં વધુ એક જઘન્ય ઘટના : ૬૯ વર્ષની મહિલા પર સામુહિક દુષ્કર્મ

અયોધ્યા,તા. ૩ઃ અયોધ્યાના કુમારગંજ વિસ્તારમાં ૬૯ વર્ષની વૃધ્ધ મહિલા પર ચાર નરાધમોએ દુષ્કર્મ આચર્યુ હતું. આ અંગે પોલીસે ચારેય આરોપી વિરુદ્ધ દુષ્કર્મની કલમો હેઠળ કેસ નોંધીને મહિલાને મેડીકલ તપાસ માટે મોકલ્યા છે. દુષ્કર્મના મામલે બે કિશોર અને એક આધેડની ધરપકડ કરી લેવાઈ છે. પોલીસનું કહેવું છે કે ચોથા આરોપીની શોધખોળ ચાલુ છે.


તાત્કાલીક માણસો જોઈએ છે
● દુબઈ ● કુવૈત ● ઓમાન ● માલ્ટા
કારપેન્ટર - મેશન - પ્લમ્બર
ઓફિસ બોય - સેલ્સમેન - વેઈટર
ઉંમર ૨૨ થી ૪૫ વર્ષ
ફકત પાસપોર્ટ ધરાવતા વ્યકિતએ જ કોન્ટેકટ કરવો
મો. ૯૫૧૦૮ ૨૨૮૪૧/૬૪૫૪૯ ૬૯૭૨૯
વિઝા / ટિકીટ આવે પછી પેમેન્ટ

નવરાત્રીની હાર્દિક શુભકામના....
જૂનાગઢ બાયપાસ રોડ ઉપર
ઓપન રેસીડેન્સીયલ પ્લોટ્સ
આધુનિક સુવિધાઓ સાથે
વ્યાજબી ભાવ
સરળ હપ્તા
ઓછી કિંમતમાં ઘણું બધું, તો આજે જ બુક કરાવો





: સાઈટ :
જૂનાગઢ બાયપાસ રોડ, એકલવ્ય ગ્લોબલ સ્કુલ સામે, સરગવાડા ચોકડી, જૂનાગઢ
બુકીંગ : ૯૮૨૫૩ ૩૩૩૭૦
૯૯૧૩૩ ૯૫૨૦૦
The Dream City
: ડેવલોપર્સ :
મધુરમ કન્સ્ટ્રકશન કું.
૪થો માળ, ધી ગાર્ડન આઈકોન, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે
PARDAWALA
બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર
✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતુ નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેક્ટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

# ગિરનાર પર્વત ઉપર આવેલ અંબાજી મંદિરે ૧૧ કેવીનું લોકાર્પણ કરતા ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ






## અંબાજી મંદિરના મહંત મોટાપીર બાવા તનસુખગીરી બાપુ, સાંસદ રાજેશ ચુડાસમા, ધારાસભ્ય સંજય કોરડીયા, પ્રદિપભાઈ ખીમાણી, પીજીવીસીએલના અધિકારી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

ગરવા ગિરનાર ખાતે બિરાજતા અંબાજી માતાજીના મંદિરે આસો માસની નવરાત્રીના શુભારંભ સાથે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. શક્તિની આરાધનાના આ પાવન અવસરે આજે અંબાજી મંદિરે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ ગિરનાર પર્વત અંબાજી મંદિર હયાત ઓવર હેડ વીજલાઈનની ક્ષમતા વધારીને અંડર ગ્રાઉન્ડમાં રૂપાંતરી કરવાના પ્રોજેકટનું તેમજ સુત્રાપાડા પેટા વિભાગીય કચેરીના નવનિર્મીત મકાનનું ઈ-લોકાર્પણનો કાર્યક્રમ આજરોજ યોજાયો હતો. જૂનાગઢ ગિરનાર પર્વત અંબાજી મંદિરે ઈલેવન કેવીનું લોકાર્પણ કરતાં રાજયના નાણામંત્રી અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ સાથે સાંસદ રાજેશભાઈ ચુડાસમા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, પ્રદીપભાઈ ખીમાણી સહિતના મહાઅનુભવો, પીજીવીસીએલના અધિકારીઓ ભીમાણી માણાવદરિયા વગેરે હાજર રહ્યા હતા. મંદિરના મહંત તનસુખ ગીરીબાપુની હાજરીમાં માતાજીની પૂજા અર્ચના અને આરતીના દર્શન કર્યા હતા અને પૂજય બાપુ દ્વારા મંત્રી અને મહાનુભાવોને માતાજીની ચુંદડી પ્રસાદી રૂપ અર્પણ કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગિરનાર પર્વત ઉપર બિરાજતા જગતજનની માં અંબાજીના મંદિરના મહંત અને મોટાપીર બાવા પૂ. તનસુખગીરી બાપુએ સરકારશ્રીમાં અવાર-નવાર રજુઆતો કરી હતી તેમજ છાશવારે થતા વીજળીના ધાંધીયા અંગે ઉપર સુધી રજુઆતો કરી હતી અને સરકારશ્રી દ્વારા પણ અંબાજી મંદિર ખાતે કાયમી ધોરણે વીજ પુરવઠો જળવાઈ રહે અને અહીં આવનારા ભકતજનોને પાણી સહિતની સુવિધા પ્રાપ્ત થાય તેવા હકારત્માક વલણના ભાગરૂપે આ પ્રોજેકટનું નિર્માણ થયું હતું અને આજે આસો માસની નવરાત્રીના પ્રથમ દિવસે એટલે કે પહેલા નોરતે તેનું લોકાર્પણ સમારોહ યોજાયો હતો.

પીજીવીસીએલ દ્વારા વીજલાઈનની ક્ષમતા વધારવાના પ્રોજેકટના લોકાર્પણ કરવામાં આવતા હવે અંબાજી મંદિર વીજ પુરવઠો યથાવત રહેશે તેમજ અહી આવતા ભકતોજનોને પાણી સહિતની સુવિધાઓ મળવા પાત્ર રહેશે અને ટુંક સમયમાં તે અંગેની સારી સુવિધા અને સવલતો જળવાઈ રહેશે અને જેને લઈને લોકોમાં પણ આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

## આજે નોરતુ પહેલું : દેવી શૈલપુત્રીની પૂજા કરવાથી મનોકામના પૂર્ણ થાય છે



વૈદિક કેલેન્ડર મુજબ શારદીય નવરાત્રિનો ૩જી ઓક્ટોબર એટલે કે આજથી ભક્તિભાવ પૂર્વક પ્રારંભ થયો છે. નવદુર્ગા સ્વરૂપે બીરાજતા શક્તિની આરાધનાના આ અવસરે વિશેષ પૂજન સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આજે નવરાત્રીના પહેલા દિવસે દેવી શૈલપુત્રીની પૂજા કરવાની પરંપરા છે. માતા શૈલપુત્રી પર્વત રાજા હિમાલયની પુત્રી હતી. સફેદ વસ્ત્રોમાં સજ્જ માતા શૈલપુત્રીના જમણા હાથમાં ત્રિશૂળ અને ડાબા હાથમાં કમળ છે. માતાના કપાળ પર ચંદ્રમા શોભે છે. તે નંદી (બળદ) પર સવાર થઈને સમગ્ર હિમાલય પર બિરાજમાન છે. એવી માન્યતા છે કે માતા શૈલપુત્રીની પૂજા કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. તેમજ જો તમે મા શૈલપુત્રીની પૂજા કરતી વખતે વ્રત કથા ન વાંચો તો પૂજા અધૂરી માનવામાં આવે છે.

## બાવા પીપળીયા ગામે રધેશ્વર મહાદેવના સાનિધ્યમાં દશેરાના હવનનું આયોજન

જૂનાગઢ તા.૩

જેતપુર તાલુકાના બાવા પીપળીયા ગામે આવેલા રધેશ્વર (રીધેશ્વર) મહાદેવના સાનિધ્યમાં દશેરાના હવનનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી ભીમજીયાણી પરિવારના સર્વે વડીલો તથા પરિવારજનોને ખાસ જણાવવાનું કે, શ્રી દશેરાનો હવન દર વર્ષ મુજબ આ વર્ષે પણ શ્રી આસો સુદી નોમને શનિવાર તા.૧૨-૧૦-૨૦૨૪ ના રોજ શ્રી બાવા પીપળીયા મુકામે રધેશ્વર (રીધેશ્વર) મહાદેવના સાનિધ્યમાં આયોજીત કરેલ છે. બીડુ હોમવાનો સમય બપોરે ૧ કલાકે છે. જે ભાઈઓ હવન-પૂજામાં બેસવા માટેના નામ નોંધાવેલ છે તેમને એક દિવસ પહેલા સાંજે બાવા પીપળીયા પહોંચી જવા અનુરોધ કરવામાં આવેલ છે. સર્વે ભીમજીયાણી પરિવારોને આ ધાર્મિક પ્રસંગે ખાસ પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. તેમજ દશેરાના આ હવનના કાર્યક્રમમાં ભીમજીયાણી પરિવારની સાથે સાથે નાગ્રેચા તેમજ જીવરાજાની પરિવારોને પણ ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. વધુ માહિતી માટે શ્રી રધેશ્વર મહાદેવ સેવા સમિતિ ટ્રસ્ટ બાવા પીપળીયા (જેતપુર) તેમજ શ્રી ભગવાનજીભાઈ ભીમજીયાણી (જેતપુર) મો.નં.૯૯૯૮૦ ૯૮૩૯૮, શ્રી મનોજભાઈ ભીમજીયાણી (મલકાપુર) મો.૯૪૨૨૧ ૮૧૪૪૭ તેમજ શ્રી લલીતભાઈ ભીમજીયાણી (મલકાપુર) મો.૯૦૧૧૮ ૯૦૯૭૯ નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

## કેશોદ પોલીસે નવરાત્રી મહોત્સવના આયોજકો સાથે બેઠક યોજી જરૂરી સુચના આપી



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૩

કેશોદ શહેરમાં નવરાત્રી મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવનાર છે ત્યારે કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી.સી. ઠકકરના અધ્યક્ષતામાં આયોજકો, વેપારીઓ અને આગેવાનો સાથે બેઠક યોજવામાં આવી હતી. કેશોદ અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર, ૧૮૧ અભયમ ટીમ, કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર પી. એ. જાદવ દ્વારા નવરાત્રી મહોત્સવ દરમ્યાન તકેદારી રાખવા માટે જરૂરી સુચના આપવામાં આવી હતી. કેશોદ શહેરમાં નવરાત્રી મહોત્સવ શાંતિ અને સુલેહ ભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવે એ માટે વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરતાં કોઈ શખ્સો ધ્યાનમાં આવે તો તુરંત કેશોદ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવા પોલીસ ઈન્સપેકટર પી.એ. જાદવ દ્વારા અપીલ કરવામાં આવી હતી. કેશોદ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા નવરાત્રી મહોત્સવ દરમ્યાન આરોગ્યલક્ષી તકેદારી રાખવા જરૂરી સુચનો કરવામાં આવ્યાં હતાં. ૧૮૧ અભયમ્ ટીમ દ્વારા નવરાત્રી મહોત્સવ દરમ્યાન મહિલાઓની સુરક્ષા માટે સી ટીમ સાથે સચેત રહેવાના છે.


**ખીચીયા પાપડનું ન્યુ બ્રાન્ડ મશીનનુ યુનીટ વેચવાનું છે**

ઓટોમેટીક સ્પીડવાળુ મશીન વેચવાનું છે

:: કોન્ટેક ::

મો. ૯૪૨૮૨ ૪૧૩૭૪


## જૂનાગઢ : કબુતરી ખાણમાં ડુબી જતા યુવતીનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢના ધરાનગર નજીક આવેલ કબુતરી પથ્થરની ખાણમાં પાણીમાં ડુબી જતા યુવતીનું મોત નિપજયાનું એ ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે રણજીતભાઈ વિરમભાઈ ઓડેદરાએ જાહેર કરેલ કે પોતાની મૃતક બહેન મંજુબેન(ઉ.વ.૨૪) છેલ્લા છ સાત દિવસથી માનસીક અસ્થિર હોય જે ગઈકાલે કોઈને કહયા વગર ઘરેથી નીકળી ગયા બાદ ધરાનગર (આંબેડકરનગર) કબુતરી પથ્થરની ખાણમાં પાણીમાં ડુબી જતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢના પાદરીયા ગામે ધોળા દિવસે તસ્કરોનો તરખાટ : રૂા.૭૫૭૦૦ના મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

પાદરીયા ગામ રેલ્વે ફાટક પાસે બંધ મકાનને તસ્કરોને નિશાન બનાવતા સોના-ચાંદીના દાગીના સહિત કુલ ૭૫૭૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે કિશોરભાઈ ગાંડુભાઈ ધામેચાએ અજાણ્યા ચોર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, તા.૧-૧૦ના રોજ બપોરે ૧૨ વાગ્યાથી ૫-૧૫ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા ચોર શખ્સ પોતાના બંધ મકાનના દરવાજાના તાળાના નકુચા તોડી ઘરમાં પ્રવેશી ૩૦૭૦૦ રોકડ, સોના-ચાંદીના દાગીના મળી કુલ ૭૫૭૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ

## કેશોદના એરપોર્ટ રોડ પરથી ૧૦ દારૂની બોટલો સાથે બે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

કેશોદ પોલીસે એરપોર્ટ રોડ પરથી બે શખ્સોને ૧૦ વિદેશી દારૂની બોટલો સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસે એરપોર્ટ રોડ પરથી જય હાજાભાઈ સીંધલ અને પ્રકાશ રવજીભાઈ નસીતને વિદેશી દારૂની નાની મોટી ૧૦ બોટલો કિ.રૂા.૧૩૦૦ સાથે ઝડપી લઈ વધુ પુછપરછ કરતા આ દારૂ હરેશ દેવાભાઈ મુછાળ રહે.જૂનાગઢવાળા પાસેથી મંગાવ્યાનુ ખુલતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કુકસવાડા ગામે ઈજાગ્રસ્ત મોરને સારવાર અપાઈ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩

કુકસવાડા વાહન હડફેટે મોર પક્ષી ઈજાગ્રસ્ત થયેલ હોય માં ગૌસેવા હોસ્પિટલથી સાવનભાઈ દ્વારા આરેણા સંજીવની નેચર ફાઉન્ડેશન સારવાર કેન્દ્રએ પહોંચાડેલ પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે નાથાભાઈ નંદાણીયા તેમજ અરૂણભાઈ સોલંકી દ્વારા માંગરોળ લઈ આવેલ. પગમાં ગંભીર ઈજાગ્રસ્ત હોય ફોરેસ્ટ વિભાગ દ્વારા અમરાપુર ખાતે વેટરનરી હોસ્પિટલ મોકલવામાં આવશે.

### અવસાન નોંધ

રાજકોટ : દશા સોરઠીયા વણીક પોરબંદર નિવાસી રાજશ્રીબેન પરેશભાઈ માલવીયા તે સ્વ. કિરીટભાઈ દામોદરદાસ ગોરસિયા (રાજકોટ)ની પુત્રી, પારિતોષ, આશુતોષ તથા શીતલ પરેશ માધાણીના બહેનનું તા.૨૯-૯-૨૦૨૪, રવિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદગતનું ટેલીફોનીક બેસણું તથા પિયર પક્ષની સાદડી તા.૩-૧૦-૨૦૨૪, ગુરૂવારના રોજ સાંજે ૫થી ૬ રાખેલ છે. પારીતોષ મો. ૯૩૨૮૦ ૪૪૧૦૧, ધીરેન્દ્રભાઈ મો.૯૮૯૮૦ ૧૧૭૨૩, દિપ્તી મો.૯૩૭૫૮ ૭૨૭૪૪.


**ડો. રશ્મિ પી. બાલચંદાણી**
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

**મોબાઈલ... મોબાઈલ..**
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦
સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**





ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
નવરાત્રી માટે ખાસ...
ગાયનું સાચું ઘી આવી ગયું છે. એ.જી. ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
‘‘સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે’’
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે સ્પે. પંજાબી પફ મળશેઆઈસ કેકનાં
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# જૂનાગઢનાં ભવનાથ ખાતે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી અવસરે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી સફાઈ કર્મચારીઓનું કરાયું બહુમાન

**આવો આપણે સૌ સ્વચ્છાગ્રહી બની જ્યાં-ત્યાં કચરો ન ફેકવા સંકલ્પ બધ્ધ બની ગાંધીજીને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ પાઠવીએ જીલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર**







જૂનાગઢ, તા.૩

સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં 'સ્વચ્છ ભારત દિવસ'-પૂ.મહાત્મા ગાંધીજીની જન્મજયંતી, 'સ્વચ્છ ભારત મિશન'ના સફળતાના શાનદાર ૧૦ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે જૂનાગઢ શહેરનાં ભવનાથ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમર, સાંસદ સભ્ય રાજશેભાઈ ચુડાસમા અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મહંતશ્રી શેરનાથબાપુ સહિત સંતો મહંતો અને અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં ૨જી ઓક્ટોબર 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવણી સાથે સ્વચ્છતા હી સેવા પખવાડીયાના સમાપન સમારોહમાં એવોર્ડ અર્પણ અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુમરે જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ મહાત્મા ગાંધીની જન્મ જયંતી અવસરને સ્વચ્છતા હી સેવાનાં મંત્ર સાથે ઉજવી રહ્યુ છે ત્યારે આવો આપણે સૌ સ્વચ્છાગ્રહી બની જ્યાં-ત્યાં કચરો ન ફેકવા સંકલ્પ બધ્ધ બની ગાંધીજીને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ પાઠવીએ સાથે સૌ સ્વચ્છાગ્રહી બની ગમે ત્યાં કચરો ન ફેકતા સ્વચ્છતા જાળવીએ પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરી ભીના અને સૂકા કચરાને અલગ અલગ રાખી આપણી ગિરનારી વનસંપદાને સુરક્ષીત રાખવા આગળ આવીએ એ પણ જરુરી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી અભિગમ થકી આજે ઘર ઘર સુધી શૌચાલય પહોંચ્યા છે અને લગભગ દરેક ગામડા ખુલ્લામાં શૌચમુક્ત બન્યા છે. ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા સૌને કટિબદ્ધ બનવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત સંસદ સભ્ય રાજશેભાઈ ચુડાસમાએ ઉપસ્થિત જૂનાગઢ મહાનગરનાં પ્રબુધ્ધ નગરજનોને સંબોધતા જણાવ્યુ હતુ કે મહાત્મા ગાંધીનાં જીવનમાંથી આપણે પ્રેરણા લઈ સ્વચ્છતા હી સેવા અભિયાન થકી ઘર ઘર સુધી સ્વચ્છતા સાથે સત્ય, અહિંસા, અને સમરસતાનો તેમનો સંદેશ ઘર-ઘર સુધી પહોંચતો કરવા સહયોગી બનીએ. સાંસદ ચુડાસમાએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો જીવન સંદેશ મારૂ જીવન એ જ મારો સંદેશ છે અને એમના જીવનમાં સૌથી મોટું જો તેમણે સંદેશ આપ્યો હોય તો તે સ્વચ્છતાનો સંદેશ છે. આ તકે રાજેશભાઈએ લોકગીત અને આપણી ભારતિય સંસ્કૃતિનાં ઉદાહરણોને ટાંકીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વિકસીત રાષ્ટ્ર બનાવવાની સંકલ્પનાને સાકાર કરવા વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય

## સ્વચ્છતા હી સેવા અભિયાન થકી ઘર ઘર સુધી સ્વચ્છતા સાથે સત્ય, અહિંસા, અને સમરસતાનો સંદેશ સમગ્ર વિશ્વમાં હકારાત્મક લાવી રહ્યો છે પરિવર્તન : સાંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમા

સંજયભાઈ કોરડીયાએ કહ્યુ કે, પૂ. ગાંધી બાપુએ સમગ્ર વિશ્વને 'સ્વચ્છતા' સાથે 'સમરસતા'ના અમૂલ્ય વિચારોની ભેટ આપી છે. સ્વચ્છ ભારત મિશન અતર્ગત સ્વચ્છતાનું જન આંદોલન સતત શરુ રહે તે માટે સૌએ સહિયારા પ્રયત્ન કરવા જરુરી છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત જન ભાગીદારીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ માણાવદર તાલુકાને એવોર્ડ એનાયત કરી સન્માન કરાયુ હતુ. જયારે સફાઈ મિત્ર સુરક્ષા શિબિરમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ભેસાણ તાલુકાને પ્રમાણપત્ર એનાયત બહુમાન કરાયુ હતુ. નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત શ્રેષ્ઠ સફાઈ કર્મચારીઓને પ્રોત્સાહીત કરાયા હતા. સંપુર્ણ સવચ્છતા અંતર્ગત નાગરિકોની સહભાગીતાથી સીટીયુની મેગા કલીનીંગ ડ્રાઈવ તેમજ બ્લેક સ્પોટનું નિશ્ચિત સમયમાં ટ્રાન્સફોર્મેશન કરી વૃક્ષારોપણ દ્વારા સીટીયુનાં સંપુર્ણ પરિવર્તનની શ્રેષ્ઠ કામગીરી કરેલ જૂનાગઢ જિલ્લાની પ્રથમ ત્રણ ગ્રામ પંચાયત ચુડા, મેંદરડા અને વેળવાને એવોર્ડથી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમનાં પ્રારંભે જૂનાગઢ મ્યનિ. કમિશ્નર ડો. ઓમ પ્રકાશે ભારત સરકાર દ્વારા તા.૧૭/૯/૨૦૨૪ થી તા.૨/૧૦/૨૦૨૪ સુધી 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ - સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા' પખવાડીયા તેમજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી અને સ્વચ્છ ભારત મિશન(ગ્રા) ના ૧૦ વર્ષની ઉજવણીની ભુમીકા રજુ કરી અતિથીઓને આવકાર્યા હતા. આ તકે ગાંધીચોક સ્થિત મહાત્મા ગાંધીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભવનાથ તળેટીમાં વિદ્યાર્થીઓ, સફાઈ કર્મીઓ અને નગરજનોએ સ્વચ્છતા જાગૃતિ રેલી યોજી હતી. મહાનુભાવોએ સફાઈ અભિયાનમાં જોડાઈને વૃક્ષારોપણ કર્યુ હતુ. સ્વચ્છતા હી સેવા અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં કલેકટર અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, સુશ્રી જયોતિબેન વાછાણી, અગ્રણી પૂનિત શર્મા, પ્રદિપભાઈ ખીમાણી, આરતિબેન જોષી, પલ્લવીબેન જોષી, મહંત મહાદેવગીરી, દલપતગીરી, પ્રાંત અધિકારી ચરણસીંહ ગોહીલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મીરાબેન સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બરડા ડુંગર, ઘુમલી સહિતના સ્થળોને ટ્રેકિંગ પોઈન્ટ તરીકે વિકસાવવા રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેક ઐતિહાસિક સ્થળોનો વિકાસ પ્રવચન ક્ષેત્ર તરીકે થાય તેવા ઉજળા સંજોગો જોવા મળી રહ્યા છે. અહીંના વિશાળ દરિયાકાંઠા સાથે ઔષધીય વનસ્પતિ વચ્ચે ટ્રેકિંગને વેગ તેમજ ઉત્તેજન મળે તે હેતુથી જુદા જુદા સ્થળોને ટ્રેકિંગ પોઈન્ટ બનાવવા માટેની રજૂઆત કરવામાં આવી છે.



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઐતિહાસિક તેમજ અનેક ધર્મ સ્થળો સાથે જ્યાં વનસ્પતિઓનો પણ ભંડાર છે, તે ભાણવડ નજીક આવેલા બરડા ડુંગરનો પર્વતારોહણમાં ટ્રેકિંગ માટે બેઝિક કોર્ષના સ્થળ તરીકે વિકસાવવા માટે રાજયના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાને સ્થાનિક અગ્રણી ડો. રમેશભાઈ ભટ્ટ તથા હિતેન્દ્રભાઈ આચાર્ય દ્વારા રજૂઆતો કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં એકમાત્ર જુનાગઢ ખાતે પર્વતારોહણની તાલીમ તથા સર્ટીફીકેટનો બેઝિક કોર્સ સાથે અન્ય કોર્ષ થાય છે. જૂનાગઢમાં ગિરનાર પર્વત જેવો બરડા ડુંગર પણ પર્વતારોહણની પ્રાથમિક તાલીમ આપવા માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. બરડા ડુંગર નજીકના વિસ્તાર એવા ઘુમલી આશાપુરા મંદિર, ભીમનાથ મહાદેવ, વિકિયા વાવ, સોન કંસારીના દેરા, આભાપારા સહિતની અનેક સુંદર જગ્યાઓ પણ અહીં આવેલી છે. જયાં ડુંગરોમાં કેડીઓ બનાવી અને ટ્રેકિંગ કરતા જવાય છે. હાલ આ તમામ સ્થળે ખૂબ જ રમણીય વાતાવરણ અને ખળખળ વહેતા ઝરણામાં મોટી સંખ્યામાં લોકો ઘુમલી, ભીમનાથ, સોન કંસારી, આભાપરા અને વિકિયા વાવ આવે છે.

આ વિસ્તાર ડેસ્ટિનેશન અને પ્રી-વેડિંગ સહિતની ફોટોગ્રાફી માટે પણ ખૂબ જ આકર્ષણ રૂપ છે. ત્યારે જો અહીં કાયમી ધોરણે પર્વતારોહણની તાલીમ સંસ્થાઓ દ્વારા અપાય તો બરડા ડુંગરનો પણ વિકાસ થાય. સાથે દ્વારકા જિલ્લાના યુવાનોને જુનાગઢ જેવા સ્થળે જવું ન પડે. અહીં પ્રાકૃતિક વાતાવરણમાં પર્વતારોહણ થઈ શકે. જેથી દ્વારકા જિલ્લામાં પ્રવાસન તેમજ ટ્રેકિંગ બાબતને પણ ઉત્તેજન મળે તેવી પરિસ્થિતિ વચ્ચે આ રજૂઆતોને રાજ્યના પ્રવાસન વિભાગના કેબિનેટ મંત્રી દ્વારા હકારાત્મક પ્રતિસાદ સાંપળ્યો છે.

# જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢના તાબા હેઠળની શાળાઓમાં 'સ્વચ્છતા હી સેવા- ૨૦૨૪'ની ઉજવણી




જૂનાગઢ, તા. ૩

ભારત સરકાર દ્વારા ૨જી ઓકટોબરનાં રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. આ વર્ષે સ્વચ્છ ભારત મિશનનાં ૧૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આ દિવસને 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનાં ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી તા.૨ ઓકટોબર, ૨૦૨૪ સુધી 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૪' પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ની કામગીરી અને પ્રાધાન્યતાને ધ્યાને લઈને સમગ્ર રાજયમાં 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૪' અભિયાનને તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી તા.૩૧ ઓકટોબર, ૨૦૨૪ સુધી લંબાવી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢના તાબા હેઠળની ડી.એલ.એસ.એસ. શાળાઓ તથા ઈનસ્કુલ શાળાઓએ અને જિલ્લા રમત વિકાસ અધિકારી, ગૌરાંગ નરે અને અન્ય અધિકારીઓ, કર્મચારીઓ, ટેકનીકલ મેનેજરો, કોચ,ટ્રેનર સહિત સ્વચ્છતા હી સેવા - ૨૦૨૪ ના આયોજનમાં ઉત્સાહભેર જોડાઈ અને અભિયાનને વધુ મજબૂત બનાવ્યું હતુ.

# રિલાયન્સ ફાઉન્ડેશનનું સ્વચ્છતા અભિયાન : મોટી ખાવડી અને જોગવડમાં ૭૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળીયા, તા.૩

દસ વર્ષ પૂર્વે શરૂ થયેલી સ્વચ્છ ભારત તરફની ચળવળ તીવ્ર બનતી જાય છે, તેમ તેમ સતત સામાજિક પડકારો માટે લાંબા ગાળાના ટકાઉ ઉકેલો તરફ દોરી જતા સર્જનાત્મક અને રચનાત્મક ઉકેલો શોધવા હિતાવહ છે. વૈશ્વિક દષ્ટિકોણ દ્વારા સમર્થિત સ્થાનિક પગલાં આપણને સ્વચ્છ અને હરિયાળા ભારત તરફની યાત્રામાં આગળ લઈ જશે. આ વર્ષે ભારત સરકારે 'સ્વભાવ સ્વચ્છતા અને સંસ્કાર સ્વચ્છતા' થીમ સાથે 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશ હાથ ધરી છે.

રિલાયન્સ હંમેશા આ હેતુ માટે સભાન રહે છે અને પાછલા વર્ષોની જેમ આ વર્ષે પણ ઉત્પાદન સાઈટની આસપાસના ૨ ગામો - મોટી ખાવડી અને જોગવડમાં આ ઉમદા ઝુંબેશ માટે પોતાની જવાબદારી પુનઃસ્થાપિત કરવા શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.

રિલાયન્સ ફાઉન્ડેશને તા. ૧ ઓક્ટોબરના રોજ સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું છે જેમાં પોતાના ૭૦૦થી વધુ કર્મચારી સ્વયંસેવકો અને ગ્રામજનોને સ્વચ્છ ગામ અને સ્વચ્છ ભારતનું મહત્વ દર્શાવવા માટે 'શ્રમદાન' કરવા પ્રોત્સાહિત કર્યા હતા. બન્ને ગામોમાંથી ઉત્સાહી સ્વયંસેવક ટીમો અને જે.સી.બી., ડમ્પર જેવાં જરૂરી સંસાધનો દ્વારા સફાઈ કરી ૧૮૦ ટન જેટલો ભીનો કચરો, સૂકો કચરો, જંગલી વનસ્પતિ વિગેરે એકત્ર કરવામાં આવ્યાં હતા. આ અભિયાનમાં સ્વચ્છતા જાગૃતિ લાવવા, સમાજમાં સ્વયંસેવકોને પ્રોત્સાહન આપવા અને ગ્રામજનોના મનમાં સકારાત્મક અસર ઊભી કરવા માટેની પ્રવૃત્તિઓનો પણ સમાવેશ કરાયો હતો. શેરીઓમાં લઘુનાટકો રજૂ કરીને લોકોને સ્વચ્છતા પ્રત્યે વધુ જાગૃત કરાયા હતા અને સ્વચ્છ ગામ માટે જાગૃતિ લાવવા શાળાના બાળકો, સ્થાનિક આગેવાનો, સ્વયંસેવકો, યુવાનો અને બેન્ડના સભ્યોની રેલી યોજવામાં આવી હતી. 'સ્વચ્છતા હી સેવા'માં સૌની આ ભાગીદારી સ્વચ્છ ભારત પ્રત્યે લોકોની માનસિકતામાં લાંબા ગાળાના પરિવર્તન લાવવામાં મદદ કરશે એવી શ્રદ્ધા રિલાયન્સ ફાઉન્ડેશન ધરાવે છે.

# ધોકડવા ગ્રામ પંચાયત દ્વારા શિક્ષક વિક્રમભાઈ ગોહિલનું સન્માન

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૩

ધોકડવા ગામના વતની અને હાલ નવાઉગલા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિક્રમભાઈ ગોહિલને ૫મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ગીરસોમનાથના જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ એનાયત થતાં ધોકડવા ગામનું ગૌરવ વધાર્યું છે. શિક્ષણ વિભાગ - ગુજરાત સરકાર દ્વારા વિવિધ શૈક્ષણિક પાસાઓને ધ્યાનમાં લઈને તેઓને જિલ્લા



કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવતી હોય છે. આજ રોજ ધોકડવા ગ્રામ પંચાયત દ્વારા શિક્ષક વિક્રમભાઈ ગોહિલનું ગ્રામસભામાં સન્માન કરવામાં આવ્યુંહતુ. આ તકે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના સભ્યો, ગ્રામજનો, શિક્ષકો, અન્ય સરકારી વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌ લોકો દ્વારા તેઓને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકામાં 'સ્વરછ ભારત દિવસ-૨૦૨૪'ની ઉજવણી કરવામાં આવી

**ખંભાળિયા તાલુકાના વડાલિયા સિંહણ ગામે કલેક્ટર અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં એવોર્ડ વિતરણ, સફાઈકર્મી સન્માન કરાયું**




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૩

ગાંધીજીના જન્મદિવસે 'સ્વચ્છ ભારત દિવસ'ની દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાની ઉજવણી ખંભાળિયા તાલુકાના વડાલિયા સિંહણ ગામે પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ૧૭ સપ્ટેમ્બરથી સ્વચ્છતાના વિવિધ કાર્યક્રમો દ્વારા ગાંધીજીને અંજલિ આપવામાં આવી છે. સ્વચ્છતાની ઝુંબેશ આજે પૂર્ણ ન થતા આગામી ૩૧ ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમો યોજીને સ્વચ્છતા સ્વભાવ અને સંસ્કારમાં વણાય તેવા પ્રયત્નો કરવામાં આવશે. કલેક્ટરશ્રીએ કાર્યક્રમના સારા આયોજન માટે શિક્ષકો અને ગ્રામપંચાયતને બિરદાવી અને સારી પ્રસ્તુતિ બદલ બાળકોની પ્રશંસા કરી હતી. અગ્રણી પી.એસ.જાડેજાએ પ્રાસંગિક ઉદબોધનમાં ગાંધીજીના સંદેશોને યાદ કરીને સ્વરછતા સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા કરવામાં આવતી વિવિધ સહાય અને જાગૃતિ અભિયાનોની રૂપરેખા આપી તેની સરાહના કરી હતી તેમજ સ્વચ્છતાને પોતાની જવાબદારી માની નેતૃત્વ લઈ ગામને સ્વચ્છ બનાવવા માટે પદાધિકારી, અધિકારી તેમજ ગ્રામજનો સૌને સંકલ્પ લેવા અપીલ કરી હતી.

શ્રમદાનથી સફાઈ દ્વારા ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્ય દ્વારા સ્ટેજ કાર્યક્રમનો આરંભ કરીને પુષ્પગુચ્છ તેમજ ધાન્ય દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સરપંચશ્રી જયરાજસિંહ જાડેજા દ્વારા સ્વાગત ઉદબોધન બાદ સ્વાગત નૃત્ય અને સ્વરછતા સંદેશ આપતા નાટકની પ્રસ્તુતિ બાળકો દ્વારા કરવામાં આવી હતી.સ્વચ્છતા અભિયાનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તાલુકા તેમજ ગામનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. નાગરિકોની તંદુરસ્તી માટે સ્વચ્છતારત સફાઈ મિત્રોનું મહાનુભાવોના હસ્તે સન્માન તેમજ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળા આચાર્ય સતિષભાઈ પુરોહિત દ્વારા કરવામાં આવ્યુ હતુ. સ્ટેજ કાર્યક્રમ બાદ મહાનુભાવો અને ઉપસ્થિતો પ્રધાનમંત્રીના લાઈવ કાર્યક્રમમાં જોડાયા હતાં. આ પ્રસંગે 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભૂપેશ જોટાણીયા, પ્રાંત અધિકારીશ્રી કે.કે. કરમટા, ખંભાળિયા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી રચનાબેન મોટાણી, નગરપાલીકા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રેખાબેન ખેતિયા, અગ્રણીશ્રી રસિકભાઈ નકુમ,જગાભાઈ ચાવડા તેમજ જિલ્લાના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીશ્રીઓ, આગેવાનો અને ગ્રામજનો તેમજ શાળાનાં બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# જમ્મુ-કાશ્મીર ચૂંટણીમાં અલગતાવાદી એજન્ડા

ગયા ડિસેમ્બરમાં સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને ખતમ કરીને વિશેષ દરજ્જાને સમાપ્ત કરવાના નિર્ણયને પડકાર આપતી અરજીઓને રદ કરવાની સાથે નિર્દેશ પણ આપ્યો હતો કે એક નક્કી સમયમાં વિધાનસભા ચૂંટણીઓ કરાવી લેવામાં આવે. સુપ્રીમના આ નિર્દેશ બાદ જમ્મુ-કાશ્મીરમાં શાંતિપૂર્ણ રીતે થઈ રહેલી ચૂંટણીઓથી દેશનો એક વર્ગ આશ્વસ્ત દેખાઈ રહી છે કે વિધાનસભા ચૂંટણીઓ બાદ બધું જ ઠીક થઈ જશે. લોકોને એ પણ આશા છે કે નવી વિધાનસભા ચૂંટાયા બાદ આઝાદીના પહેલા દિવસથી જ મુસીબતોમાં ઘેરાયેલા જમ્મુ-કાશ્મીરમાં શાંતિ બહાલ થઈ જશે. કાશ્મીર વિવાદને કારણે અહીંની જનતાએ જેવી મુશ્કેલીઓ જોઈ છે અને ભારત વિરોધી શક્તિઓના નેરેટિવ નિર્માણની તાકાતની આગળ વારેવારે ઘૂંટણિયે પડી જનારી કેન્દ્રીય સરકારોએ વૈશ્વિક મંચો પર જે સ્તરનો વિરોધ સહન કર્યો છે, ત્યારબાદ આ પ્રકારની આશા જાગવી સ્વાભાવિક પણ છે. આ વિધાનસભા ચૂંટણીઓ પહેલાં જમ્મુ-કાશ્મીરની જનતાએ જેવા ઉત્સાહ સાથે સ્થાનિક નિગમોની ચૂંટણીઓમાં ભાગ લીધો હતો અને જેમ શાંતિભર્યા માહોલમાં તે ચૂંટણીઓ સંપન્ન થઈ, તેનાથી પણ કાશ્મીરમાં બધું ઠીક થવાની આશા જાગી હતી, પરંતુ ચૂંટણી પંચ દ્વારા વિધાનસભા ચૂંટણીઓની ઘોષણાના દિવસથી જ કાશ્મીર ઘાટીમાં જે રીતે ઉમેદવાર અને જેવા ચૂંટણી વાયદા સમગ્ર માહોલ પર હાવી છે, તેને જોતાં એ આશંકા બળવત્તર બની છે કે વિધાનસભામાં ભલે કોઈપણ પાર્ટી કે જૂથ બહુમતી મેળવે, પરંતુ ઘાટીની રાજનીતિ ફરીથી અલગતાવાદ અને કેન્દ્ર સાથે ટકરાવની આગમાં તપી શકે છે.

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીઓમાં કેટલાય ઉમેદવાર એવા છે, જે કાં તો અલગતાવાદી રહ્યા છે કાં એવા સંગઠનોના સક્રિય સદસ્ય રહ્યા છે. તેમાં અનેક અપક્ષ લડી રહ્યા છે. આ અપક્ષ ઉમેદવારોના એક મોટા વર્ગનું સંચાલન એન્જિનિયર રશીદના નામે ચર્ચિત શેખ અબ્દુલ રશીદ કરી રહ્યો છે, જે દેશવિરોધી ગતિવિધિઓના આરોપમાં તિહાડ જેલમાં કેદ હતો. સુપ્રીમ કોર્ટની મહેરબાનીથી તે ચૂંટણી પ્રચાર માટે જામીન પર છૂટી ગયો. અલગતાવાદી માનસિકતાના રશીદે જેલમાં કેદ રહ્યા છતાં લોકસભા ચૂંટણીમાં પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઉમર અબ્દુલ્લાને તેમની જ પરંપરાગત સીટ બારામુલામાં મોટા અંતરથી હરાવ્યા હતા. રશીદ પર આરોપ છે કે તેણે આ ચૂંટણીઓમાં પ્રતિબંધિત જમાતે ઈસ્લામી સાથે અંદરખાને ગઠબંધન કર્યું છે. પોતાના પ્રચાર અભિયાનમાં અનેક ઉમેદવારોએ ખૂલીને કહ્યું છે કે ચૂંટણી જીતતાં તેઓ ફરીથી કલમ ૩૭૦ લાગુ કરાવશે અને જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાને પણ બહાલ કરાવશે. આવા ઉમેદવારોની સભાઓમાં ભેગી થતી ભીડની એક અસર એ થઈ કે સામાન્ય રીતે આતંકીઓ અને અલગતાવાદીઓના મુકાબલે મધ્યમમાર્ગી અને નરમપંથી મનાતી નેશનલ કોન્ફરન્સ અને પીડીપીએ પણ આક્રમક વલણ અપનાવી લીધું. ફારુક અબ્દુલ્લા અને મેહબૂબા મુફ્તીનાં ચૂંટણી ભાષણોમાં ૩૭૦ને ફરીથી લાગુ કરવા અને રાજ્યને વધુ સ્વાયત્તતા અને વિશેષ દરજ્જો અપાવવાનો વાયદો કરી રહ્યા છે. નેશનલ કોન્ફરન્સે તો પોતાના ચૂંટણી વાયદામાં એ પણ સામેલ કરી લીધું કે જો કોંગ્રેસ સાથે તેના ગઠબંધનને બહુમતી મળી તો વિધાનસભામાં ફરીથી ૨૦૦૦વાળા એ પ્રસ્તાવને પસાર કરવામાં આવશે, જેમાં રાજ્યનો ૧૯૫૧ના સ્તરવાળો દરજ્જો બહાલ કરવાની વાત કહેવામાં આવી હતી. તેમાં જમ્મુ-કાશ્મીર માટે ભારતથી અલગ પોતાના ઝંડા અને બંધારણની વ્યવસ્થા હતી.

નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધનને કારણે કોંગ્રેસી નેતાઓ પણ અસમંજસમાં છે. કોંગ્રેસ જમ્મુ ક્ષેત્રમાં તેના જેવું વલણ અપનાવવાનો ખતરો ન ઉઠાવી શકે. જમ્મુ અને કાશ્મીર ઘાટીના રાજકીય સમીકરણ એકબીજાથી ઠીક વિપરિત છે. ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ને રદ કરાયા બાદ જમ્મુમાં જે મોટા પાયે ઉત્સવનો માહોલ બન્યો હતો તે કોંગ્રેસી નેતાઓને યાદ જ હશે. ત્યારબાદ કેન્દ્રની નીતિઓએ જમ્મુ અને કાશ્મીર, બંને જગ્યાએ જે રીતે વિકાસના નવા દ્વાર ખોલ્યા, તેને જોતાં કોંગ્રેસ કોઈપણ હાલતમાં ૩૭૦ની વાપસી કરવાની વાત કરવાનું જોખમ ન ઉઠાવી શકે.

કાશ્મીર ઘાટીમાં માહોલને વધુ ખરાબ કરનારાં બીજાં પણ બે તત્ત્વો છે, જેની અવગણના મોંઘી પડી શકે છે. એક તો એ કે લગભગ દરેક મામલે ખુદને સક્રિય દેખાડનારી સુપ્રીમ કોર્ટે જલ્દી ચૂંટણી કરાવવાના આદેશ તો જારી કરી દીધા, પરંતુ કાશ્મીર ઘાટીમાંથી આતંક અને હિંસાના દર પર ભગાડી મૂકવામાં આવેલા કાશ્મીરી હિંદુઓ અને શીખોની સુરિક્ષત ઘરવાપસી અને સ્થાનિક રાજકારણમાં તેમની બરાબર ભાગીદારી સુનિશ્ચિત કરવાનો કોઈ આદેશ ન આપ્યો. લોકતંત્ર અને માનવીય મૂલ્યોની રક્ષક સુપ્રીમ કોર્ટ પાસે એવી ।શા રાખવામાં આવતી હતી કે તે આ પાપની નોંધ લેતી કે ભારતના એકમાત્ર મુસ્લિમ બહુલ રાજ્યની કાશ્મીર ઘાટીમાં સદીઓથી રહેનારા લાખો લોકોને માત્ર એટલા માટે હાંકી કાઢવામાં આવ્યા કે તેઓ મુસલમાન ન હતા. એ જ રીતે ૨૦૨૨માં ભલે રાજ્યના નવા પરિસીમન આયોગે વિધાનસભા સીટોને ૧૧૧થી વધારીને ૧૧૪ કરી દીધી અને જમ્મુને છ અને ઘાટીને એક વધારાની સીટ આપી હોય, પરંતુ તેમ છતાં પણ વિધાનસભામાં સત્તાનું સંતુલન ૪૭-૪૩ થવાને કારણે કાશ્મીરના પક્ષમાં જ રહશે. દુર્ભાગ્યે પરિસીમન આયોગે શેખ અબ્દુલ્લાના કાશ્મીરી દબદબાને જાળવી રાખવાના ફોર્મ્યૂલાને જ અપનાવતાં ૧૧૪માં માત્ર ૯૦ પર ચૂંટણી કરાવવા અદ્વે બાકી ૨૪ સીટોને ફરીથી પાકિસ્તાન અધિકૃત જમ્મુ-કાશ્મીર (પીઓજેકે) એટલે કે ગુલામ કાશ્મીરના નામે ખાલી રાખવાનો નિર્ણય કર્યો. લોકતંત્ર અને ન્યાયમાં વિશ્વાસ ધરાવતા લોકોને આશા હતી કે પરિસીમન આયોગે આ ૨૪ સીટો ભારતભરમાં ફેલાયેલા પીઓજેકે વિસ્થાપિતોના નામે બહાલ કરી દીધી હોત તો ૭૭ વર્ષથી ઉપેક્ષિત અને ન્યાયથી વંચિત આ લોકોને ન્યાય મળી શક્યો હોત, સાથે જ જમ્મુ-કાશ્મીરની રાજનીતિ પર કુંડળી મારીને બેઠેલા કાશ્મીરી અલગતાવાદથી પણ રાજ્ય અને દેશ, બંનેને હંમેશ માટે મુક્તિ મળી ગઈ હોત.

# ખંભાળિયામાં અમદાવાદના પોલીસમેન દ્વારા પુત્રના અપહરણ સબબ ફરિયાદ

## મામાના ઘરે રહેતા ૭ વર્ષીય બાળકનું પિતા દ્વારા અપહરણ કરાયું હતું : આરોપી પિતા સહિત સાત શખ્સો ઝડપાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયામાં મામાના ઘરે રહેતા સાત વર્ષીય એક બાળકનું તેના જ પિતા એવા અમદાવાદના પોલીસ કર્મી શખ્સ દ્વારા મોટરકારમાં અપહરણ થયાનો ચકચારી બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. આ પ્રકરણમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે તાકીદની કાર્યવાહી કરી, બાળકના પિતા સહિત કુલ સાત શખ્સોને દબોચી લીધા હતા. આ સમગ્ર પ્રકરણની સિલસિલાબંધ વિગત એવી છે કે ખંભાળિયામાં બંગલા વાડી, શેરી નંબર ૩ ખાતે રહેતા અને મામલતદાર કચેરીમાં નોકરી કરતા જયદીપસિંહ કનકસિંહ પરમાર (ઉ.વ. ૨૮) ના બહેન શીતલબાના લગ્ન વર્ષ ૨૦૧૭માં અમદાવાદ જિલ્લાના ઓઢવ ખાતે રહેતા જયદતસિંહ સતુભા વાઘેલા સાથે થયા હતા. હાલ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ગોધાવી ગામના પોલીસ કર્મી જયદત્તસિંહ સતુભા વાઘેલા અમદાવાદ પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવી રહ્યા છે. પોલીસ કર્મી જયદતસિંહ દ્વારા પોતાના પત્ની શીતલબાને લગ્નજીવન દરમ્યાન ત્રાસ આપવામાં આવતા તેણી ખંભાળિયા ખાતે પોતાના પિતાના ઘરે રિસામણે આવી ગયા હતા. જે દરમિયાન તેઓ સગર્ભા હોય, તેણીએ તા. ૧૯ જૂન ૨૦૧૮ ના રોજ પુત્રને જન્મ આપ્યો હતો. હાલ સાત વર્ષિય બાળક ખંભાળિયા ખાતે તેમના માતા અને મામા સાથે જયદીપસિંહ સાથે રહે છે. આ સમયગાળા દરમ્યાન બાળકના પિતા જયદતસિંહ ક્યારેય તેમના પુત્ર કે પત્નીને મળવા આવ્યા ન હતા. આ બાબતથી વ્યથિત શીતલબાએ તા. ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ આત્મહત્યા કરી લીધી હતી અને બાળક તેના મામાના ઘરે રહી અને અહીંની એક શાળામાં એલ. કે.જી.માં અભ્યાસ કરી રહ્યો છે. ગત રવિવાર તારીખ ૨૯ મી ના રોજ સાંજે આ બાળક તેના મામા જયદીપસિંહ સાથે નાસ્તો લઈને મોટરસાયકલ પર તેમના ઘરે જઈ રહ્યા હતા, ત્યારે રાત્રિના આશરે પોણા નવ વાગ્યાના સમયે તેમના ઘર નજીક પહોંચતા જયદીપસિંહ નજીક એક ટાટા કંપનીની મોટરકાર આવીને ઊભી રહી હતી. જેમાં તે એક અજાણ્યો શખ્સ ઉતર્યો હતો અને પોસ્ટ ઓફિસનું સરનામું માંગ્યું હતું જયદીપસિંહ કાંઈ સમજે તે પહેલા આ મોટરકારમાંથી તેમના બનેવી જયદતસિંહએ ઉતરીને બળજબરી પૂર્વક પોતાના પુત્ર અને જયદીપસિંહના ભાણેજ એવા આ બાળકને મામાના મોટરસાયકલમાંથી ઉપાડીને પોતાની ગાડીમાં બેસાડીને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જેથી બાળકના મામા જયદીપસિંહે પોતાનું મોટરસાયકલ આડુ નાખી અને ડ્રાઈવર સાઈડનો દરવાજો ખોલતા તેમના બનેવી જયદતસિંહ કાર ચલાવી રહ્યા હતા. તેમણે કારનું સ્ટિયરીંગ પકડી લીધું હતું. કારચાલક જયદતસિંહએ ગાડી ચાલુ કરતા તેના સાળા જયદીપસિંહ ૫૦ ફૂટ ઢસડાયા હતા. આ દરમિયાન તેમના ભાણેજએ રડતા રડતા "મામા બચાવો... મામા બચાવો" ની બૂમો પાડી હતી. આખરે ગાડીનો દરવાજો અથડાતા ઈજાગ્રસ્ત બની જવાના કારણે જયદીપસિંહના હાથમાંથી સ્ટેરીંગ છૂટી ગયું હતું અને તેમના બનેવી એવા પોલીસ કર્મચારી જયદતસિંહ વાઘેલા તેમના ભાણેજનું બળજબરીપૂર્વક અપહરણ કરીને લઈ ગયા હોવાનું જાહેર થયું છે. આ સમગ્ર બનાવમાં બાળકના મામા દ્વારા બાળકના પિતા તેમજ અન્ય બે અજાણ્યા શખ્સોએ તેનું વાલીપણામાંથી બળજબરીપૂર્વક અપહરણ કરીને લઈ ગયાની ધોરણસર ફરિયાદ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે તમામ ત્રણ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, ધોરણસર તપાસ હાથ ધરી હતી. આ સમગ્ર બનાવ અંગે ખંભાળિયા પોલીસને જાણ કરવામાં આવતા અહીંના ઈન્ચાર્જ પોલીસ વડા ડો. હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ખંભાળિયા પોલીસ સાથે એલ.સી.બી., એસ.ઓ.જી. તથા ડી-સ્ટાફ દ્વારા ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી અપહરણકારોની શોધખોળ આદરવામાં આવી હતી. આ પ્રકરણમાં પી.એસ.આઈ. આર.આર, ઝરુ દ્વારા નેત્રમ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી, આ પ્રકરણમાં જી.જે. ૨૭ ડી.એચ. ૦૩૪૭ નંબરની હોન્ડા અમેઝ મોટરકારના સગડ મેળવીને આ કાર ઉપલેટા તરફ હોવાથી સ્થાનિક પી.એસ.આઈ.ને સાથે રાખીને અહીંથી પાંચ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. જેની પૂછતાછમાં અન્ય એક મોટરકારમાં બે શખ્સો દ્વારા બાળકનું અપહરણ કરવામાં આવ્યું હતું. જેને અનુલક્ષીને પી.એસ.આઈ. એમ.એચ. ચૌહાણ દ્વારા બાળકને લઈને રાજકોટના વીંછીયા પોલીસ મથકની હદ તરફ નીકળેલી જી.જે. ૨૭ ઈ.બી.૯૪૫૪ નંબરની ટાટા નેકસોન મોટરકારને અમદાવાદ તરફ જતા આંતરીને આ મોટરકારમાં અપહૃત બાળક તથા તેની સાથે તેના પિતા સહિતના આરોપીને ઝડપી લઈ, બાળકને સલામત રીતે છોડાવવામાં પોલીસને સફળતા મળી હતી. આ સમગ્ર ફિલ્મી એવા બનાવમાં પોલીસે તાકીદની કાર્યવાહી કરી, બાળકના પિતા જયદત્તસિંહ સતુભા વાઘેલા (ઉ.વ. ૩૨), મહેન્દ્રસિંહ પ્રવિણસિંહ વાઘેલા (ઉ.વ. ૩૮, રહે. જોગેશ્વર - અમદાવાદ), અજય ધીરુભાઈ વૈષ્ણવ (ઉ.વ. ૩૪, રહે. જોગેશ્વર), વેદાંગ કમલેશભાઈ ઠાકર (ઉ.વ. ૨૪, આનંદ સોસાયટી, અમદાવાદ), બ્લોગર યશપાલસિંહ પ્રતાપસિંહ સોલંકી (ઉ.વ. ૩૫, રહે. લીંબડી, જી. સુરેન્દ્રનગર), હરેશ જહાભાઈ ભુવા (ઉ.વ. ૩૭, રહે. લીંબડી) અને બીપીન મેરાભાઈ મકવાણા (ઉ.વ. ૩૧, રહે. ગોગેશ્વર, અમદાવાદ) નામના કુલ સાત શખ્સોને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કાર્યવાહી ઈન્ચાર્જ એસ.પી. ડો. હાર્દિક પ્રજાપતિ, એલ.સી.બી. પી. આઈ. કે.કે. ગોહિલ, ઈન્ચાર્જ પી.આઈ. વી.એમ. રાણા, પી.એસ.આઈ. આર.આર ઝરૂ, એસ.એસ. ચૌહાણ, તેમજ ખંભાળિયાના ડી-સ્ટાફ, નેત્રમ ટીમ તેમજ એલ.સી.બી.ની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ગુજરાતમાં બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજની નીતિમાં સુધારો કરાયો : નવી નીતિ અંતર્ગત રાજ્યમાં નવીન સાત મેડિકલ કોલેજ શરૂ કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૩

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૬માં રાજ્યની જિલ્લા સ્તરની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરીને જે તે જિલ્લામાં હોસ્પિટલ સંલગ્ન મેડીકલ કોલેજ ખોલવા અંગેની બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજની નીતિ બનાવવામા આવી હતી. આ નીતિમાં કેટલાક સુધારા કરવામાં આવ્યાં છે. મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ બનાસકાંઠા-પાલનપુર, અમરેલી, દાહોદ, ભરૂચ અને તાપી-વ્યારા એમ પાંચ જિલ્લા ખાતે બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજ કાર્યરત છે. બ્રાઉન ફીલ્ડ નીતિમાં સુધારો થવાથી રાજ્યમાં બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગીર સોમનાથ, ખેડા-નડિયાદ, છોટાઉદેપુર, મહિસાગર-લુણાવાડા અને ડાંગ-આહવા એમ કુલ સાત જિલ્લામાં બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજ શરૂ કરવામાં આવશે. આ મેડિકલ કોલેજો શરૂ થવાથી રાજ્યની પ્રજાને જિલ્લા સ્તરે વધુ આરોગ્યપ્રદ સેવાઓ તજજ્ઞ ડોકટરો દ્વારા મળી શકશે. હાલમાં કાર્યરત બ્રાઉન ફીલ્ડ નીતિમાં પ્રજાલક્ષી મહત્વના સુધારા કરવાનું રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં સગર્ભા મહિલાઓને પ્રસુતિ પછી ૨૦ દિવસ સુધી તથા એક વર્ષ સુધીના બાળકો માટે સંપૂર્ણ ફ્રી સારવાર આપવાની રહેશે જે માટે જરૂરિયાત મુજબનું એન.આઈ.સી.યુ. બનાવવાનું રહેશે. ડાયાલીસીસની સેવાઓ માટે ઓછામાં ઓછું ૧૦ પથારીનું યુનિટ બનાવવાનું રહેશે. શાળા આરોગ્ય ક્રાર્યક્રમના રેફરડ વિદ્યાર્થીઓના કિસ્સામાં હૃદય, મગજ, કેન્સર અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ, કોક્લીયર ઈમ્પ્લાન્ટ સિવાયની તમામ સારવાર ફ્રી આપવાની રહેશે. હોસ્પિટલ ખાતેની બ્લડ બેંક બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજ બનાવ્યા પછી પણ ફરજિયાત ચાલુ રાખવાની રહેશે તથા દર્દીની જરૂરિયાત અને અગ્રતાને ધ્યાને લઈ તમામને જરૂરીયાત મુજબ નિઃશૂલ્ક બ્લડ પુરૂ પાડવાનુ રહેશે તથા આજુ બાજુની સરકારી સંસ્થાઓને જરૂરિયાત મુજબ કોઈપણ જાતના ભેદભાવ વગર નિઃશૂલ્ક બ્લડ પુરુ પાડવાનું રહેશે. સંસ્થા દ્વારા હોસ્પિટલનુ સંચાલન સંભાળ્યાથી ટ્રોમાના દર્દીઓ તથા વાહન અકસ્માતના દર્દીઓને ફરજિયાતપણે નિઃશૂલ્ક સારવાર આપવાની રહેશે. બ્રાઉન ફિલ્ડ યોજના અન્વયે સંસ્થા દ્વારા હોસ્પિટલનું સંચાલન સંભાળ્યાથી નેશનલ મેડીકલ કમિશનના માપદંડો પ્રમાણે હોસ્પિટલના વિસ્તરણ કરવા ખૂટતી પથારીનાં બાંધકામ માટે સરકાર દ્વારા કોઈ વધારાનુ અનુદાન ફાળવવામાં આવશે નહી. રાજ્ય સરકાર તથા ભારત સરકારની તમામ યોજનાઓનો અમલ કરવાનો રહેશે પરંતુ તે માટે યોજનાકીય ફંડ ફાળવવામાં આવશે નહિ. જો કે, હોસ્પિટલ **PMJAY** યોજના હેઠળની આવક જાળવી રાખવા માટે હકદાર રહેશે, જે તે હોસ્પિટલમાં રોગીઓને અપાતી સારવારની નિદાન ફી અને **PMJAY**ની ફી પેટે થતી આવકની કૂલ રકમ પૈકી ૨૫(પચ્ચીસ) ટકા રકમ જે-તે હોસ્પિટલના રોગી કલ્યાણ સમિતિમાં જમા લેવાની રહેશે, જે તે હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ નવી બનાવવાની રહેશે, સંસ્થાએ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૨૦૨૧ અને તે હસ્તકના નિયમોનો, તેમાં વખતો વખતના થયેલ સુધારાઓનો ચૂસ્તપણે અમલ કરવાના રહેશે. ઉપર મુજબની શરતો અને જોગવાઈઓ પરત્વે પાત્ર વ્યક્તિ/સંસ્થા દ્વારા રૂા. ૩૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર બાહેંધરી આપવાની રહેશે.

# ખંભાળિયા નગરપાલિકાની જનરલ બોર્ડ સંપન્ન : રાબેતા મુજબ તમામ ઠરાવ મંજૂર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા નગરપાલિકાની સામાન્ય સભા મંગળવારે સાંજે પાલિકાના સભાગૃહ ખાતે યોજાઈ હતી. જેમાં એજન્ડાના તમામ ૩૯ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયા હતા. ખંભાળિયા નગરપાલિકાની સામાન્ય સભા તા. ૧ ના રોજ સાંજે પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણીના અધ્યક્ષ સ્થાને નગરપાલિકાના સભાગૃહ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ભાજપના ૨૬ સહિત તમામ ૨૮ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં અગાઉના બજેટને બહાલી, નગરપાલિકાને બાકી વીજ બિલ માટેની લોન અંગે મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને દરખાસ્ત કરવા, તાજેતરના ભારે પુરના કારણે પાણી પુરવઠાની લાઈનો તેમજ મશીનરીને થયેલી નુકસાની અંગેની કામગીરી કરવા, ખંભાળિયા નગરપાલિકાને સરકાર દ્વારા ખાસ કિસ્સાઓમાં ફાળવવામાં આવેલી ગ્રાન્ટ બાબત, ડોર ટુ ડોર કચરા કલેક્શન કાર્યવાહીને બહાલી તેમજ આ અંગેનું નવું ટેન્ડર કરવા, રખડતા ઢોર માટે એનિમલ હોસ્ટેલ બનાવવા માટેની જગ્યા ફાળવવા, મૃત પશુઓના નિકાલ માટેની જગ્યા ફાળવવા માટેની દરખાસ્ત કરવા, સાવરણા અને સાવરણીની ખરીદી તેમજ ડસ્ટબીન વિતરણ કરવા, ભંગાર માલની હરાજી કરવા, ફિલ્ડ વર્કના કર્મચારીઓ માટે સાયકલ ખરીદ કરવા, પબ્લિક ટોયલેટ અને યુરીન બ્લોકની કામગીરી માટે જગ્યા નક્કી કરવા, જુદા જુદા વિસ્તારમાં રંગરોગાન અને ભીંતચિત્રો બનાવવા, અહીંના જામનગર માર્ગ પર રેલવે ઓવર બ્રિજ અંગેની કામગીરી તાકીદે કરવા માટે પત્ર વ્યવહાર કરવા, વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત રોડ-રસ્તા રીપેરીંગ કરવા, હેરિટેજ કામોના ફેસ- ૨ ના કામ બાબતે દરખાસ્ત કરવા, કોમ્યુનિટી હોલમાં અદ્યતન ફર્નિચર માઈક અને સાઉન્ડ સિસ્ટમ કરવા, વેલકમ ગેટ ખાતે ઈલેક્ટ્રીક બોર્ડ લગાડવા, સોલાર પ્રોજેક્ટ માટે દરખાસ્ત કરવા, ઘી નદી રિવરફ્રન્ટની મળેલી સૈદ્ધાંતિક મંજૂરી અંગેની કામગીરી કરવા તેમજ નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવા સહિતના મુદ્દાઓ આ એજન્ડામાં લેવામાં આવ્યા હતા. જે તમામ સર્વાનુમતે માટે મંજુર થયા હતા. ચીફ ઓફિસર ભરતકુમાર વ્યાસની ઉપસ્થિતિમાં આ સામાન્ય સભાનું સંચાલન દેવેન્દ્રભાઈ વારીયાએ કર્યું હતું અને બેઠકની વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે લાંબા સમયથી વિલંબમાં પડેલી અને આશરે સાતેક માસ પછી યોજાયેલી સામાન્ય સભાની આ બેઠક પૂર્વે સંકલન માટે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ તાજેતરમાં તમામ સભ્યો સાથે સંકલનની ખાસ મિટિંગ કરી હતી. જેના ફળ સ્વરૂપે ભાજપના તમામ ૨૬ સભ્ય આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકા નજીક સર્જાઈ કરુણાંતિકા: ક્રેટા કારના ચાલકે ૧૦ જેટલા ગૌવંશને અડફેટે લીધા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

દ્વારકા નજીકના ધોરીમાર્ગ ઉપર મંગળવારે ચઢતા પહોરે સફેદ કલરની એક મોટરકારના ચાલકે મૂળવાસર ગામની સીમ વિસ્તારમાં રોડ ઉપર રહેલા ૧૦ જેટલા ગૌવંશને અડફેટે લેતા ગાયોના મોત નીપજ્યાનો બનાવ ખુલવા પામ્યો છે. પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકાથી આશરે ૩૦ કિલોમીટર દૂર મૂળવાસર ગામની સીમમાં તારીખ ૧ ઓક્ટોબરના રોજ સવારે આશરે ચારેક વાગ્યાના સમયે જી.જે. ૧૦ સી.એન. ૪૪૪૭ નંબરની એક સફેદ કલરની ક્રેટા મોટરકારના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા રસ્તા પર બેઠેલી ૧૦ જેટલી ગાયને ઠોકરે લેતા આ ગંભીર અકસ્માતમાં ગાયોના મોત નીપજ્યા હતા. આ ઘટના સંદર્ભે મૂળવાસર ગામના રહીશ શુકાભાઈ સોમાભાઈ ચાસીયા (ઉ.વ. ૬૦) ની ફરિયાદ પરથી દ્વારકા પોલીસે ક્રેટા મોટરકારના ચાલક સામે બી.એન.એસ. તથા એમ.વી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવે ગૌ પ્રેમીઓમાં અરેરાટી સાથે કાર ચાલક સામે રોષની લાગણી પ્રસરાવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે પોતાના બોલવા પ્રમાણે જ વર્તે છે, એ માણસ પ્રગત્તિ કરવાનો જ.

- ઈમર્સન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૧ શારદીય નવરાત્રી પ્રારંભ, ઘટસ્થાપન, માતામહ શ્રાધ્ધ તા.૩ ઓક્ટોબર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૨૯, હસ્ત નક્ષત્ર, ઐન્દ્ર યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૬:૪૪, સૂ.અ.૬:૩૬

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), પરોઢે ૫:૦૫ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભ:આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુન:વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.
સિંહ: સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા: માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલા: અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિક:કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધન: માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકર: શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભ: અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીન: કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

# નલ સે જલ યોજના અંતર્ગત શું કામગીરી થઈ તેની માહિતી જાહેર કરવા આયોગનો હુકમ



ગાંધીનગર,તા.૩

કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ રૂા.૮૨૦૦ કરોડની માતબર રકમ સાથેની મહત્વપૂર્ણ નલ સે જલ યોજના હેઠળ રાજયના ૯૬ ટકા પરિવારો સુધી નળથી પાણીની સુવિધા ઉપલબ્ધ કરાયાના રાજય સરકારના દાવા વચ્ચે રાજયમાં કોઈ નાગરિકને જાણવું હોય કે તેના ગામ-નગરમાં આ યોજના અંતર્ગત શું કામગીરી થઈ છે, તો તે વાસ્મોની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ નથી. જયારે કે આ અંગેના નિર્દેશોના પરિપત્રો કરાયા હોવા છતાં તેને ઘોળીને પી ગયા હોય તેમ તેનો અમલ કરાયો નથી. જેને લઈને માહિતી આયોગે વાસ્મોની વેબસાઈટ ઉપર સમગ્ર માહિતી જાહેર કરવાનો હુકમ કર્યો છે. નલ સે જલ યોજનાને લઈ ભરૂચના અરજદાર દ્વારા મંગાયેલ માહિતી ન અપાતા તેઓ દ્વારા માહિતી આયોગ, ગાંધીનગરમાં કરાયેલ અપીલમાં કમિશનરે કાયદાના મેન્યુઅલ ૧૧,૧૨,૧૩ પ્રમાણે યોજનાઓ, તેમાં થયેલ ખર્ચ , ચુકવેલા નાણાં, ફાળવેલી રકમો, આપેલ પરવાનગીઓ, અધિકૃતિઓ વગેરે વિગત સામેથી ચાલીને જાહેર કરવાની થાય છે. આયોગે તેમના ચુકાદામાં જણાવ્યું કે આ પ્રકારે દરેક સત્તામંડળે પ્રો-એકિટવ ડિસ્કલોજર કરવા ફરજીયાત છે. પણ વાસ્મો દ્વારા કબૂલ કરવામાં આવ્યું કે આ માહિતી આજની તારીખમાં વાસ્મોની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ નથી.

આયોગે વધુમાં નોંધ્યુ છે કે પ્રોએકિટવ ડિસ્કલોજર તૈયાર કરી વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા અંગે સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ૧૦ ઉપરાંત પરિપત્રો કર્યા છે. જેનો વાસ્મો દ્વારા અમલ કરવામાં આવેલ નથી. ઉપરાંત સર્વોચ્ચ અદાલતના રીટ પિટિશનમાં પણ સામેથી ચાલીને જાહેર કરવાની થતી માહિતીના અમલીકરણ માટે માહિતી આયોગને સૂચના આપેલ છે આ બાબતોને ધ્યાને લઈને આયોગે હુકમ કર્યો છે કે રાજયના ગ્રામજનો આ યોજના હેઠળ તેમના ગામોમાં થયેલ કામગીરીથી વાકેફ હોય તે માટે પ્રો-એકિટવ ડિસ્કલોજરના ભાગરૂપ યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીની વર્ષવાર જિલ્લા, તાલુકા, ગામ પ્રમાણે થયેલા કામગીરીની વિગતો જાહેર કરવી જરૂરી બને છે અને તેથી વાસ્મોએ ગુજરાતના તમામ ગામોમાં નલ સે જલ અંતર્ગત શું શું કામગીરી થઈ તે નાગરિકને માહિતી મળે તે માટે તે વિગતો ૩૦ દિવસમાં વેબસાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. તેમજ ત્યાર બાદ તેને સમયાંતરે અપડેટ કરવાની રહેશે.

# સ્વતંત્ર પ્રેસ વિના લોકશાહીનું અસ્તિત્વ શક્ય નથી : કેરળ હાઈકોર્ટે સમાચાર પ્રસારિત કરવા માટે ઓનલાઈન મીડિયાને પ્રતિબંધિત કરતી જામીનની શરત રદ કરી

(એજન્સી) તા.૩

કેરળ હાઈકોર્ટે સેશન્સ જજ દ્વારા યુટ્યુબ ન્યૂઝ ચેન ‘i21 ન્યૂઝ’ના મેનેજિંગ એડિટર ઉપર લાદવામાં આવેલી જામીનની શરત હટાવી દીધી છે, જેમાં બીલીવર્સ ઈસ્ટર્ન ચર્ચના ભૂતપૂર્વ સર્વોચ્ચ વડા શ્રી કે.પી. યોહાન્નનના મૃત્યુ સંબંધિત કોઈ સમાચાર પ્રસારિત ન કરવા કહેવામાં આવ્યું હતું. તેમણે રાજ્યના પોલીસ વડા સમક્ષ ફરિયાદ નોંધાવી હતી કે બિશપના મૃત્યુ પાછળ કોઈ ષડયંત્ર છે. સેશન્સ કોર્ટે રાજ્ય પોલીસ વડા સમક્ષ ફરિયાદનો નિકાલ ન થાય ત્યાં સુધી મીડિયાને તેમના મૃત્યુના સમાચાર પ્રસારિત કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. શ્રી, કે.પી. યોહાનન જેને મોરન માર એથેનાસિયસ યોહાન મેટ્રોપોલિટન તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમનું ૮મી મે, ૨૦૨૪ના રોજ ટેક્સાસ, યુ.એસ.માં એક કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. ઓનલાઈન ન્યૂઝ ચેનલના મેનેજિંગ એડિટરે આરોપ લગાવ્યો હતો કે તેમને તેમના સંશોધનાત્મક પત્રકારત્વ દ્વારા માહિતી મળી છે કે બિશપના મૃત્યુ પાછળ ષડયંત્ર હતું. આ આરોપો અંગે તેમણે રાજ્ય પોલીસ વડા સમક્ષ ફરિયાદો કરી હતી. દરમ્યાન બીલીવર ચર્ચના અન્ય બિશપ દ્વારા બીજી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કે મેનેજિંગ એડિટર બિશપનું મૃત્યુ એક આયોજનબદ્ધ હત્યા હોવાનું કહીને તેમની ચેનલ દ્વારા ખોટા સમાચાર પ્રસારિત કરે છે. તેણે આરોપ લગાવ્યો કે ચેનલના માર્કેટિંગ એક્ઝિક્યુટિવે તેનો સંપર્ક કર્યો હતો અને જો તે ચેનલને જાહેરાતો નહીં આપે તો આ ફેક ન્યૂઝ પ્રકાશિત કરવાની ધમકી આપી હતી. વધુમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આ સમાચાર ચર્ચના સભ્યોમાં વિભાજન પેદા કરવા ઈચ્છે છે. ન્યૂઝ ચેનલ, મેનેજિંગ એડિટર અને ચેનલના માર્કેટિંગ એક્ઝિક્યુટિવને એફઆઈઆરમાં આરોપી તરીકે નામ આપવામાં આવ્યું હતું. મેનેજિંગ એડિટરે સેશન્સ કોર્ટમાંથી આગોતરા જામીન માંગ્યા હતા. સેશન્સ કોર્ટે જામીન મંજૂર કરતી વખતે એવી શરત મૂકી હતી કે જ્યાં સુધી રાજ્ય પોલીસ વડા સમક્ષ ફરિયાદનો આખરે નિર્ણય ન આવે ત્યાં સુધી ચેનલ બિશપના મૃત્યુ સંબંધિત કોઈ સમાચાર પ્રસારિત કરશે નહીં. મેનેજિંગ એડિટરે જામીનની શરતને પડકારવા માટે તાત્કાલિક કેસમાં હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. જસ્ટિસ બેચુ કુરિયન થોમસે સુપ્રીમ કોર્ટના વિવિધ નિર્ણયોનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે જામીનની શરત કાલ્પનિક, મનસ્વી હોઈ શકે નહીં. તેમણે જણાવ્યું હતું કે કોર્ટ જામીનની શરત તરીકે અભિપ્રાય વ્યક્ત કરવાના વ્યક્તિના અધિકારને પ્રતિબંધિત કરતા બ્લેક્કેટ ઓર્ડર પસાર કરી શકે નહીં. જામીન આપતી વખતે શરતો લાદવાની આડમાં અભિપ્રાય વ્યક્ત કરવાના વ્યક્તિના અધિકારને પ્રતિબંધિત કરતા બ્લેક્કેટ ઓર્ડરની પ્રકૃતિના નિર્દેશો જારી કરી શકાતા નથી. કોર્ટે કહ્યું હતું કે કલમ ૧૯(૧)(a) હેઠળ વ્યક્તિ અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે હકદાર છે. કોર્ટે લોકશાહીમાં સ્વતંત્ર મીડિયાના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો. કોર્ટે કહ્યું કે, પ્રેસ સ્વતંત્ર ન હોય તો લોકશાહી અધિકારો અને સ્વતંત્રતા મળી શકતી નથી. સ્વતંત્ર પ્રેસ વિના લોકશાહીનું અસ્તિત્વ શક્ય નથી. જો કે, કોર્ટે કહ્યું હતું કે પ્રેસની સ્વતંત્રતા સંપૂર્ણ નથી. યોગ્ય સંજોગોમાં તેના ઉપર પ્રતિબંધ લાદી શકાય છે. જો કે, જામીનની શરતમાં આવું ન કરવું જોઈએ. જો આવો અભિપ્રાય અપરાધ સમાન છે, તો પીડિત પક્ષ કોઈપણ કાનૂની ઉપાય લઈ શકે છે.

# અમેરિકાએ ૨૦૨૪માં ભારતમાં સતત ચોથા વર્ષે રેકોર્ડ વિદ્યાર્થી વિઝા જારી કર્યા

નવી દિલ્હી, તા.૩

અમેરિકાએ આ વર્ષે ફરી એકવાર ભારતમાં રેકોર્ડ સંખ્યામાં સ્ટુડન્ટ વિઝા જારી કર્યા છે. જ્યારે ચોક્કસ સંખ્યા હજુ સુધી જાણીતી નથી, તે ગયા વર્ષે જારી કરાયેલા ૧.૪ લાખથી વધુ વિદ્યાર્થી વિઝા કરતાં વધુ છે - જે તે સમયે વૈશ્વિક સ્તરે કોઈપણ દેશ માટે સૌથી વધુ હતા. દરમ્યાન યુએસ એમ્બેસીએ જણાવ્યું હતું કે, તેણે પ્રવાસીઓ, કુશળ કામદારો અને વિદ્યાર્થીઓ સહિત ‘ભારતીય પ્રવાસીઓ માટે વધારાની ૨,૫૦,૦૦૦ વિઝા એપોઈન્ટમેન્ટ્સ ખોલી છે.’ તેણે જણાવ્યું હતું કે, નવા સ્લોટ્સ હજારો ભારતીય અરજદારોને સમયસર ઈન્ટરવ્યુ લેવામાં મદદ કરશે, મુસાફરીની સુવિધા આપશે. ભારતમાં યુએસ મિશન પહેલાથી જ સતત બીજા વર્ષે ૧૦ લાખ નોન- ઈમિગ્રન્ટ વિઝા અરજીઓને વટાવી ચૂક્યું છે. યુએસ એમ્બેસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ (૨૦૨૪) ઉનાળાની અમારી સ્ટુડન્ટ વિઝા સિઝન દરમ્યાન અમે રેકોર્ડ નંબરો ઉપર પ્રક્રિયા કરી હતી અને તમામ પ્રથમ વખતના વિદ્યાર્થી અરજદારો ભારતની આસપાસના અમારા પાંચ કોન્સ્યુલર વિભાગોમાંથી એકમાં એપોઈન્ટમેન્ટ મેળવવામાં સક્ષમ હતા. ભારતમાં યુએસ એમ્બેસેડર એરિક ગારસેટીએ કહ્યું, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ જો બાઈડેને વિઝા પ્રક્રિયાને સુધારવા અને ઝડપી બનાવવા માટે એક મહત્ત્વાકાંક્ષી ધ્યેય નક્કી કર્યો અને મને એ કહેતા ગર્વ થાય છે કે, અમે તે વચન પૂરૂં કર્યું છે. દૂતાવાસ અને ચાર વાણિજ્ય દૂતાવાસમાં અમારી કોન્સ્યુલર ટીમો અથાક કામ કરે છે જેથી કરીને એ સુનિશ્ચિત કરી શકાય કે, અમે વધતી માંગને પહોંચી વળીએ. ૨૦૨૩માં ભારતમાં યુએસ કોન્સ્યુલર ટીમે ૧.૪ લાખથી વધુ સ્ટુડન્ટ વિઝા જારી કર્યા હતા - જે સતત ત્રીજા વર્ષે વિશ્વના અન્ય કોઈપણ દેશ કરતા વધુ છે. વ્યક્તિગત રીતે લેવામાં આવે તો મુંબઈ, નવી દિલ્હી, હૈદરાબાદ અને ચેન્નાઈ હવે વિશ્વની ટોચની ચાર વિદ્યાર્થી વિઝા પ્રોસેસિંગ પોસ્ટ્સ તરીકે ઊભરી આવ્યા છે. આ વધતી સંખ્યાના પરિણામે ભારતીય વિદ્યાર્થીઓ યુનાઈટેડ સ્ટેટ્સમાં આંતરરાષ્ટ્રીય સ્નાતક વિદ્યાર્થીઓનું સૌથી મોટું જૂથ બની ગયા છે અને યુનાઈટેડ સ્ટેટ્સમાં અભ્યાસ કરતા ૧૦ લાખથી વધુ વિદેશી વિદ્યાર્થીઓમાંથી એક ક્વાર્ટર કરતાં વધુ હોવાનું દૂતાવાસે જણાવ્યું હતું.

# કેનેડામાં જીવનશૈલી ટકાવી રાખવા માટે રૂા.૬૦ લાખનો પગાર ‘પૂરતો નથી’ : ભારતીય મૂળના બેંકર

## મહિલા કેનેડામાં ટી.ડી. બેંકમાં કામ કરે છે : આ ઘણા લોકો માટે આશ્ચર્યજનક છે, કારણ કે, ભારતમાં આવા પગારને ખૂબ જ આકર્ષક માનવામાં આવે છે



નવી દિલ્હી, તા.૩

કેનેડા, યુ.એસ. (ન્યૂયોર્ક), ઓસ્ટ્રેલિયા, ઓમાન અને જાપાન જેવા દેશોમાં તકોની શોધમાં ઘણા ભારતીય યુવાનો નોકરીઓ માટે વિદેશ જવાનો ટ્રેન્ડ સતત વધી રહ્યો છે. આ પૈકી કેનેડા તેની ઈમિગ્રન્ટ-મૈત્રીપૂર્ણ નીતિઓ અને પૂરતી નોકરીની તકોને કારણે શિક્ષણ અને રોજગાર બંને માટે ટોચની પસંદગી છે. જો કે, જીવનનિર્વાહના વધતા ખર્ચને કારણે ઘણા ભારતીયોને ત્યાં ટકી રહેવાનું વધુને વધમુશ્કેલ બની રહ્યું છે. તાજેતરમાં કેનેડામાં એક બેંકમાં કામ કરતી ભારતીય મૂળની મહિલાએ દેશમાં મોંઘવારી અંગેની વાસ્તવિકતા ઉપર પ્રકાશ પાડ્યો હતો. ૬૦ લાખનો વાર્ષિક પગાર હોવા છતાં તેણીએ વ્યક્ત કર્યું કે, તે આરામદાયક જીવનશૈલીને ટકાવી રાખવા માટે પૂરતું નથી. આ ઘણા લોકો માટે આશ્ચર્યજનક છે, કારણ કે, ભારતમાં આવા પગારને ખૂબ જ આકર્ષક માનવામાં આવે છે. જો કે, કેનેડામાં હાઉસિંગ, યુટિલિટીઝ અને રોજિંદા ખર્ચની વધતી જતી કિંમત સાથે, ઉચ્ચ પગાર પણ ઓછો પડી રહ્યો છે. આ વિદેશમાં નાણાકીય સ્થિરતા જાળવવાના વધતા પડકારને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને કેનેડા જેવા દેશોમાં જ્યાં ફુગાવો વેતન વૃદ્ધિ કરતાં વધી રહ્યો છે. વાયરલ વીડિયોમાં દર્શાવવામાં આવેલી મહિલા, જે કેનેડામાં ટીડી બેંકમાં ટેકનિશિયન તરીકે કામ કરે છે, તેણે નોંધપાત્ર પગાર હોવા છતાં જીવનના ઊંચા ખર્ચ વિશે તેની ચિંતાઓ શેર કરી. ૧૦ વર્ષના કામના અનુભવ સાથે, તે ૯૫,૦૦૦ ડૉલર (અંદાજે રૂા.૬૦ લાખ)ની વાર્ષિક આવક કમાય છે. જો કે, તેણે તેની નાણાકીય પરિસ્થિતિ પ્રત્યે અસંતોષવ્યક્ત કર્યો હતો અને સમજાવ્યું હતું કે, કેનેડામાં રહેવા સાથે સંકળાયેલા ઊંચા ખર્ચાઓને આવરી લેવા માટે આ પગાર પણ અપૂરતો છે. આ વીડિયો પિયુષ મોંગા દ્વારા ઈન્સ્ટાગ્રામ ઉપર શેર કરવામાં આવ્યો હતો, જ્યાં મહિલાએ નિખાલસતાથી તે સામનો કરી રહેલા નાણાકીય પડકારોની ચર્ચા કરી હતી. વાયરલ વીડિયોમાં દર્શાવવામાં આવેલી મહિલા, જે છેલ્લા ત્રણ વર્ષથી કેનેડામાં રહે છે, તેણે દર્શાવ્યું હતું કે, તેના સમય દરમ્યાન જીવનનિર્વાહની કિંમત કેટલી ઝડપથી વધી છે. તેણે નોંધ્યું કે, જ્યારે તે પ્રથમ વખત કેનેડા ગઈ ત્યારે માખણની કિંમત લગભગ ચાર ડૉલર હતી, પરંતુ હવે તે બમણી થઈને લગભગ આઠ ડૉલર થઈ ગઈ છે. રોજિંદા ખર્ચમાં આ તીવ્ર વધારો કેનેડામાં ફુગાવાની વધતી જતી અસરને રેખાંકિત કરે છે. કેનેડા અને ભારત વચ્ચેના ફુગાવાની તેની સરખામણીમાં તેણે ધ્યાન દોર્યું હતું કે, કેનેડા વધુ મોંઘું બની ગયું છે, જેમાં જરૂરી વસ્તુઓની કિંમત નોંધપાત્ર રીતે વધી રહી છે. વાયરલ વીડિયોમાં મહિલાએ શેર કર્યું કે, તે કેનેડાના સૌથી મોંઘા શહેરોમાંના એક ટોરોન્ટોમાં રહે છે. તેણે જાહેર કર્યું કે તે બે બેડરૂમ અને બે બાથરૂમવાળા ઘર માટે દર મહિને ૧૬૦૦ ડૉલર (અંદાજે રૂા.૧.૩૪ લાખ) ચૂકવે છે. કોમેન્ટ સેક્શનમાં લોકોએ તેને ભારત પાછા ફરવાની અને અહીં નોકરી શોધવાની સલાહ આપી છે.

# ‘૪૫ દિવસથી ઊંઘી શક્યો નથી’ : કામના દબાણને કારણે બજાજ સ્ટાફની આત્મહત્યા

લખનૌ, તા.૩

ઉત્તરપ્રદેશના ઝાંસીમાં બજાજ ફાયનાન્સમાં એરિયા મેનેજર તરીકે કામ કરતા ૪૨ વર્ષીય વ્યક્તિએ આત્મહત્યા કરી લીધી છે. તરૂણ સક્સેનાએ એક નોંધમાં જણાવ્યું છે કે, તેમના વરિષ્ઠો તેમના પર છેલ્લા બે મહિનાથી તેમના લક્ષ્યાંકો પૂરા કરવા માટે દબાણ કરી રહ્યા હતા અને તેમને પગાર કાપવાની ધમકી આપી રહ્યા હતા. બજાજ ફાઈનાન્સે હજુ સુધી આ આરોપોનો જવાબ આપ્યો નથી.

તરૂણ મૃત હાલતમાં મળી આવ્યો હતો. તેણે તેની પત્ની અને બે બાળકોને અન્ય રૂમમાં બંધ કરી દીધા હતા. તેમના પરિવારમાં તેમના માતા-પિતા, પત્ની મેઘા અને બાળકો યથાર્થ અને પીહુ છે. પોતાની પત્નીને સંબોધીને લખેલા પાંચ પાનાના પત્રમાં તરૂણે લખ્યું છે કે, તે ખૂબ જ તણાવમાં હતો કારણ કે, તે તેના શ્રેષ્ઠ પ્રયાસો કરવા છતાં તે લક્ષ્યોને પૂર્ણ કરી શક્યો નથી. તરૂણને તેના વિસ્તારમાંથી બજાજ ફાઈનાન્સ લોનની EMIs એકત્ર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું, પરંતુ અનેક સમસ્યાઓના કારણે તે લક્ષ્યાંક પૂર્ણ કરી શકયો ન હતો. તેણે એમ પણ કહ્યું કે, તેને ચિંતા છે કે, તે તેની નોકરી ગુમાવી શકે છે. તેણે લખ્યું કે તેના વરિષ્ઠોએ વારંવાર તેનું અપમાન કર્યું હતું. હું ભવિષ્ય વિશે ખૂબ જ તણાવમાં છું. મેં મારી વિચારવાની ક્ષમતા ગુમાવી દીધી છે. હું મરી જવા ઈચ્છું છું. તરૂણે કહ્યું છે કે, તેને અને તેના સાથીદારોને EMI માટે ચૂકવણી કરવામાં આવી હતી જે તેઓ તેમના વિસ્તારમાંથી વસૂલ કરી શક્યા ન હતા. તેણે લખ્યું છે કે, તેણે વારંવાર તેમના વરિષ્ઠો સાથે રિકવરીમાં આવી રહેલી સમસ્યાઓને દર્શાવી હતી, પરંતુ તેઓ તેમની વાત સાંભળવા તૈયાર ન હતા. હું ૪૫ દિવસથી સૂઈ શકયો નથી. મેં ભાગ્યે જ કંઈક ખાધું છે. હું ખૂબ જ તણાવમાં છું. વરિષ્ઠ મેનેજરો મારા ઉપર કોઈ પણ ભોગે ટાર્ગેટ પૂરા કરવા અથવા નોકરી છોડી દેવાનું દબાણ કરી રહ્યા છે. તરૂણે એમ પણ લખ્યું છે કે, તેણે વર્ષના અંત સુધી તેના બાળકોની શાળાની ફી ચૂકવી દીધી છે અને તેના પરિવારના સભ્યોની માફી માંગી છે. તેમણે તેમના બાળકોને સારી રીતે અભ્યાસ કરવા અને તેમની માતાની સંભાળ રાખવા કહ્યું છે. તેણે તેના સંબંધીઓને તેના પરિવારને વીમાના પૈસા મળે તેની ખાતરી કરવા કહ્યું છે. તેણે તેના વરિષ્ઠોના નામ પણ આપ્યા અને તેના પરિવારને તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવવા કહ્યું અને કહ્યું કે, મારા આ નિર્ણય માટે તેઓ જવાબદાર છે.

તરૂણના પિતરાઈ ભાઈ ગૌરવ સક્સેનાએ જણાવ્યું હતું કે, લોનની વસૂલાત વધારવા માટે તેના ઉપર દબાણ કરવામાં આવી રહ્યું હતું. એક વીડિયો કોન્ફરન્સમાં તેના વરિષ્ઠોએ માનસિક દબાણ કર્યું. તેઓએ કહ્યું કે, તે કામ કરી શકતો નથી અને તેને નોકરીમાંથી કાઢી મૂકવો જોઈએ. તેણે તેની સ્યુસાઈડ નોટમાં તેમનું નામ આપ્યું છે. વરિષ્ઠ પોલીસ અધિકારી વિનોદકુમાર ગૌતમે કહ્યું કે, તેઓને પોસ્ટમોર્ટમ નોટ મળી છે. સ્યુસાઈડ નોટમાં કહેવામાં આવ્યું છે કે, તેના વરિષ્ઠ તેના ઉપર દબાણ કરી રહ્યા હતા. જો અમને પરિવાર તરફથી ફરિયાદ મળશે તો અમે પગલાં લઈશું. તરૂણ સક્સેનાનું આત્મહત્યા દ્વારા મૃત્યુ થયું છે અને ૨૬ વર્ષીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અન્ના સેબેસ્ટિયન પેરાઈલના મૃત્યુ પછી આવા તણાવયુક્ત વર્ક કલ્ચર અંગે દેશવ્યાપી ચર્ચાઓ થઈ રહી છે. આ મહિનાની શરૂઆતમાં અન્નાની માતા અનિતા ઓગસ્ટિનના એક પત્રે સોશિયલ મીડિયા ઉપર ભારે આક્રોશ ફેલાવ્યો હતો. અન્સ્ર્ટ એન્ડ યંગ ઈન્ડિયાના ચેરમેન રાજીવ મેમાણીને લખેલા પત્રમાં તેણીએ લખ્યું હતું કે, તેમની પુત્રી કંપનીમાં જોડાયાના ચાર મહિના પછી મૃત્યુ પામી હતી અને તેના નેતૃત્વને વર્ક કલ્ચર બદલવા માટે આહ્‌વાન કર્યું હતું. મેમાણીએ પ્રતિક્રિયા આપી હતી કે, તેઓ તેણીના મૃત્યુથી ‘ખૂબ જ દુઃખી’ છે અને એક પિતા તરીકે હું ઓગસ્ટિનના દુઃખની કલ્પના કરી શકું છું. મેં પરિવાર પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. ઈ.વાય. ઈન્ડિયાના ચેરમેને કહ્યું કે, તેઓ જાણતા હતા કે, લોકોએ સોશિયલ મીડિયા ઉપર કંપનીની કેટલીક કાર્ય પ્રણાલીઓ ઉપર ટિપ્પણી કરી હતી. હું ખાતરી આપવા માંગુ છું કે, લોકોની સુખાકારી એ મારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને હું વ્યક્તિગત રીતે આ ઉદ્દેશ્યને પાર પાડીશ. હું સુમેળપૂર્ણ કાર્યસ્થળ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છું. અનીત ઓગસ્ટિનના પત્ર અંગે વચ્ચે કેન્દ્રીય શ્રમ મંત્રાલયે તેની પુત્રીને મૃત્યુ તરફ દોરી જતા સંજોગોની તપાસ શરૂ કરી છે.

# મારી બે દીકરીઓએ વિશ્વને જોવાની અને તેની સાથે સંલગ્ન રહેવાની પદ્ધતિ બદલી નાખી છે : CJI ચંદ્રચુડ

**CJIએ કહ્યું કે, આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે અમારી કાનૂની, સામાજિક અને સંસ્થાકીય પ્રણાલીઓ માત્ર ન્યાય માટે જ નહીં પરંતુ બાળકોને સક્રિય રીતે સુરક્ષિત કરવા અને સશક્ત કરવા માટે બનાવવામાં આવી છે**



નવી દિલ્હી તા.૩

વિકલાંગ વ્યક્તિઓને અનેક પડકારોનો સામનો કરવો પડે છે અને તેઓને ભૌતિક સુલભતાના મુદ્દાઓનો સામનો કરવો પડે છે તે અંગે ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડે જણાવ્યું હતું કે તેમની બે પાલક પુત્રીઓએ વિશ્વને જોવાની અને તેની સાથે સંકળાયેલા માર્ગને સંપૂર્ણ બદલી નાખ્યો છે. ‘વિકલાંગતા ધરાવતા બાળકો માટે સંરક્ષણ સેવાઓ’ મુદ્દે બાળ સુરક્ષા રાષ્ટ્રીય વાર્ષિક હિતધારકોના પરામર્શમાં મુખ્ય વક્તવ્ય આપતા, CJIએ કહ્યું કે, આ વર્ષની થીમ મારા હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છેઃ કારણ કે તે વિકલાંગ બાળકોની સુરક્ષા અને સુખાકારી અંગે છે. મેં બે યુવાન પુત્રીઓનો ઉછેર કર્યો છે અને તેઓ મારા જીવનમાં જે આનંદ અને પ્રેમ લઈને આવી છે તેની મને દરરોજ યાદ આવે છે. તેઓએ માત્ર હું વિશ્વને કેવી રીતે જોઉં છું તે જ નહીં પરંતુ હું તેની સાથે કેવી રીતે જોડાઈ રહ્યો છું તે જોવાનું વલણ પણ બદલ્યું છે. તેઓએ વધુ સમાવિષ્ટ સમાજ બનાવવાની મારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવી છે અને દરેક બાળક, તેમની ક્ષમતાઓને ધ્યાનમાં લીધા વિના સુરક્ષિત હોય તે જરૂરી છે. CJIએ કહ્યું કે શારીરિક સુલભતાના મુદ્દા ઉપરાંત, વિકલાંગતા ધરાવતા લોકોએ જીવનના લગભગ દરેક પાસાઓમાં સામાજિક પૂર્વગ્રહો, સ્ટીરિયોટાઈપ્સ અને ગેરમાન્યતાઓ સાથે પણ સંઘર્ષ કરવો પડે છે. આ અવરોધો ખાસ કરીને એવા બાળકોની વાત આવે છે, જેમનું ભવિષ્ય આ મર્યાદાઓને પડકારવાની અમારી ઈચ્છા ઉપર આધારિત હોય છે. કાયદા સાથે સંઘર્ષમાં રહેલા બાળકો માટે, આ પડકારો વધુ ગંભીર હોઈ શકે છે, કારણ કે તેઓ એવી સિસ્ટમ નેવિગેટ કરે છે જે તેમની નબળાઈઓને ઓળખી શકતી નથી. યુનાઈટેડ સ્ટેટ્સના અભ્યાસો દર્શાવે છે કે ન્યાય પ્રણાલીમાં ૭૦% જેટલા યુવાનો માનસિક સ્વાસ્થ્ય, સંવેદનાત્મક અથવા શીખવાની અક્ષમતા ધરાવે છે. તેમણે કહ્યું કે, આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે અમારી કાનૂની, સામાજિક અને સંસ્થાકીય પ્રણાલીઓ માત્ર સમાવવા માટે જ નહીં, પરંતુ આ બાળકોને સક્રિય રીતે સુરક્ષિત કરવા અને સશક્તિકરણ કરવા માટે છે. એવા વિકલાંગ બાળકો, જેઓ લૈંગિક ગુનાઓનો ભોગ બન્યા છે અથવા જેઓ કાયદા સાથે સંઘર્ષમાં આવે છે તે અંગેના વિશ્વસનીય ડેટા ન હોવા એ સૌથી મહત્વપૂર્ણ પડકારો પૈકી એક છે. CJI ચંદ્રચુડે આવી માહિતીની સંગ્રહ પ્રણાલીમાં સુધારો કરવાને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત ઉપર ભાર મૂકતા કહ્યું કે, ડેટા એ અર્થપૂર્ણ સુધારાનો પાયો છે, જે નીતિ નિર્માતાઓને અનુરૂપ કાયદાઓ વિકસાવવા, તેમની અસરને માપવા અને તે મુજબ વ્યૂહરચનાઓને અનુકૂલિત કરવા સક્ષમ બનાવે છે. તેના વિના, વિકલાંગ બાળકોને વધુ સમસ્યાઓનો સામનો કરવો પડશે. તેમણે જણાવ્યું હતું કે વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ, ૨૦૧૬ એ સુનિશ્ચિત કરવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે કે વિકલાંગ બાળકો કાળજી અને અધિકારો પ્રાપ્ત કરે છે, કારણ કે તે વિકલાંગ વ્યક્તિઓના પુનર્વસન, સશક્તિકરણ અને સમાવેશ માટે એક વ્યાપક માળખું પૂરૂ પાડે છે. સીજેઆઈએ્ કહ્યું કે આ કાયદો જણાવે છે કે જે કોઈ વિકલાંગ બાળક વિરૂધ્ધ ગુનો કરે છે તે બમણા દંડને પાત્ર છે. આ કાયદાઓ વિકલાંગ બાળકોની નબળાઈને સ્વીકારે છે, પણ તેની અસર ઘણી વખત મર્યાદિત હોય છે. તેનું ફ્રેમવર્ક મોટે ભાગે પ્રતિક્રિયાશીલ રહે છે, તે સક્રિય નિવારણ, સમર્થન અને પુર્નઃવસનને બદલે ગુના પછીના દંડ ઉપર વધુ ભાર મૂકે છે. CJI ચંદ્રચુડે પૂછ્યું કે શું ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ અને વકીલો વિકલાંગ બાળકો દ્વારા સામનો કરવામાં આવતા અનન્ય પડકારોને સમજવા માટે સજ્જ છે? દુઃખની વાત છે કે, તેનો જવાબ ઘણીવાર ના હોય છે. માટે જ ન્યાય પ્રણાલીમાં વ્યાવસાયિકોને આ બાળકોની સંવેદનશીલ નબળાઈઓને સમજવા માટે સતત તાલીમ અને સંવેદનશીલતાની જરૂર છે.

### ખાદી.. રે..ખાદી વિવિધ રંગો લાવી

# ગીર સોમનાથમાં વેરાવળના ખાદી ભંડાર ૨-ઓક્ટોબરથી વળતર શરૂ થતાં ધમધમ્યા






(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૩

ખાદી એ વસ્ત્ર નહિ, પરંતુ વિચારધારા છે. આર્થિક સ્વતંત્રતા, સ્વદેશી રોજગારી, રાષ્ટ્ર ઓળખ સમો વેરાવળના ટાવર ચોકમાં આવેલ ખાદી ભંડાર છેલ્લા છપ્પન વર્ષથી રાષ્ટ્ર ઓળખ અને ખાદી પ્રેમીઓની જરૂરીયાત સંતોષી રહયો છે.

ખાદી ભંડારના મેનેજર પ્રવિણભાઈ પટ્ટણી કહે છે કે, ગત વર્ષે તા.૨-૧૦-૨૩ થી ૩૧-૧૦-૨૩ સુધી રૂ.૧૭ લાખ ૫૦ હજારની ખાદી વેંચાણ થઈ હતી. આ વર્ષે ૨૫ લાખનું વેંચાણ લક્ષ્યાંક રાખેલ છે. આ વર્ષે ગુજરાત ખાદીમાં ૩૦ ટકા વળત્ર અને પરપ્રાંતની ખાદીમાં ૨૦ટકા વળતર રખાયેલ છે. આ વળતર તા.૨-૧-૨૪ થી ૩૧-૧૨-૨૪ સુધી રખાયેલ છે.

ખાદી વિવિધ રંગોમાં અને અવનવા રૂપરંગ સાથે યુવાનોને પણ આકર્ષે તેવી મળી રહે છે. રંગીન, સફેદ, ડેનીમ, શુટીંગ શર્ટીંગ, બેડસીટ, લેડીઝ ડ્રેસ માટે, ઝબ્બા, લેંઘા, શર્ટ, શેતરંજી, આસન પટ્ટા, ટુવાલ, નેપકીન, કાલીન શેતરંજી, રૂમાલ આ બધુંય ખાદી ભંડાર રાખે છે.

ગીર સોમનાથના વેરાવળના ખાદી ભંડાર ૧૯૬૮થી કાર્યરત છે. ગઈકાલે તા.૨ ઓકટોબરના પ્રથમ દિવસે પ્રથમ ગ્રાહકના હસ્તે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમા પૂજન-દિપ પ્રાગટય કરાવી કામનો પ્રારંભ કરાયો હતો. વેરાવળમાં કેટલાય એવા ખાદીપ્રેમી છે કે જેઓ વર્ષભર કે ખાસ વળતર સિઝનમાં ખાદી ભંડાર દર વર્ષે અવશ્ય આવે છે અને ખાદી ખરીદી કરવી તેને તેઓ રાષ્ટ્રપ્રેમ ગણે છે. જેમાં વેરાવળના નિવૃત એડવોકેટ કનુભાઈ જોશી, તેજસ પંડયા, સુત્રાપાડાવાળા તુલસીભાઈ અને પ્રભાસ કન્યાશાળા વાળા દિપક નિમાવતનો સમાવેશ થાય છે.

### દૂર દૂરથી માઈભકતો હજારોની સંખ્યામાં આવે છે

# જગદંબાના શક્તિપીઠ અંબાજીમાં બદલાયો દર્શન અને આરતીનો સમય



બનાસકાંઠા,તા.૩

નવરાત્રીને લઈને રાજયના વિવિધ મંદિરોમાં માતાજીના દર્શન તેમજ આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. ત્યારે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માતા મંદિર, અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર આજે આસો સુદ-૧ (એકમ) તારીખ ૩ ઓક્ટોબર, ગુરૂવારના રોજથી આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર થયાની જાણ કરવામાં આવી છે. માં અંબાના દર્શન કરવા આવતા ભક્તો માટે અંબાજી ટ્રસ્ટ દ્વારા અંબાજી મંદિરમાં કરવામાં આવતી આરતી અને દર્શનનો સમય જાહેર કરાયો છે.

ગુજરાતનું સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી દેશ વિદેશમાં વિખ્યાત છે. માં જગતજનની જગદંબાનું આ શક્તિપીઠ અંબાજી મંદિર ગોલ્ડન ટેમ્પલ તરીકે પણ ઓળખ ધરાવે છે. કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર ગણાતુમાં જગદંબાના મંદિરમાં માતાજીના દર્શનાર્થે દૂર દૂર થી માઈભકતો દર રોજ હજારોની સંખ્યામાં આવે છે. વર્ષ દરમ્યાન સંખ્યાબંધ વખત સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અને અંબાજી માતા મંદિરમાં યાત્રાળુઓની સગવડતા ખાતર માતાજીના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવતો હોય છે. આવતી કાલે આસો સુદ -૧ (એકમ) ગુરૂવાર તા. ૦૩/૧૦/૨૪ના રોજથી માતાજી ની આરતી તથા દર્શનનો સમય મા ફેરફાર કરવામાં આવ્યો છે, અને અંબાજી મંદિર મા આવતીકાલે ઘટ સ્થાપન આસો સુદ-૧(એકમ) ગુરૂવાર ના સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે. નવરાત્રી દરમિયાન ભક્તોને આરતી અને દર્શનનો લાભ મળી રહે તે માટે અંબાજી ટ્રસ્ટ વિશેષ આયોજન કરે છે.

આસો સુદ-૧ (એકમ) ગુરૂવારે સવારે આરતીનો સમય ૦૭:૩૦ થી ૦૮:૦૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે ઘટસ્થાપન થશે. બપોરે ૧૨:૦૦ કલાકે મા અંબાને રાજભોગ ધરાવવામાં આવશે. ભક્તો સવારે ૦૮:૦૦ થી ૧૧:૩૦ સુધી તથા બપોરે ૧૨:૩૦થી સાંજે ૧૬:૧૫ સુધી મા અંબાના દર્શન કરી શકશે. સાંજે આરતીનો સમય ૧૮:૩૦થી ૧૯:૦૦ સુધીનો રહેશે. ભક્તો સાંજે ૧૯:૦૦થી ૨૧:૦૦ વાગ્યા સુધી માના દર્શન કરી શકશે. આસો સુદ-૮ (આઠમ) તા. ૧૧/૧૦/૨૦૨૪ ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ કલાકનો રહેશે. ઉત્થાપનનો સમય સવારે ૧૦:૦૦ કલાક સુધીનો રહેશે. આસો સુદ ૧૦-વિજયા દશમી (સમીપુજન)તા. ૧૨/૧૦/૨૦૨૪ ના સાંજે ૦૫:૦૦ કલાકે દુધપૌઆનો ભોગ ધરાવવામાં આવશે. તા.૧૬/૧૦/૨૦૨૪ના બુધવારના રોજ રાત્રે ૧૨:૦૦ કલાકે કપુર આરતી કરવામાં આવશે. આસો સુદ-૧૫(પુનમ) તા. ૧૭/૧૦/૨૦૨૪ ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ કલાક સુધીનો રહેશે. તા. ૧૮/૧૦/૨૦૨૪થી દર્શન તથા આરતીનો સમય રાબેતા મુજબ રહેશે.

## મીઠાપુર પોલીસ દ્વારા ગાંધી જન્મજયંતિની અનોખી ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા, તા.૩

પોલીસ દ્વારા મહાત્મા ગાંધી જન્મજયંતીની અનોખી ઉજવણી જેમાં "સ્વચ્છતા હી સેવા"અન્વયે મીઠાપુર પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર ટી. સી. પટેલ તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એન. વાંજા તથા પોલીસ સ્ટાફ તેમજ જી.આર.ડી. સભ્યો સાથે મીઠાપુર ચોપાટી તેમજ મીઠાપુર પોલીસ સ્ટેશનની પણ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતું.



ગરબે ઘૂમતા ઓળખાણ થઈ અને લગ્ન થયા, હવે મારી સાથે ગરબા રમવામાં તમને શરમ આવે છે?



નવરાત્રીમાં તો ભ્રષ્ટાચાર કરવાનો ઉપવાસ રાખો!

# જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ દ્વારકા જિલ્લાના ગાંધવી નજીક ડીસેલીનેશન પ્લાન્ટની મુલાકાત લીધી





(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા. ૩

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગાંધવી નજીક નિર્માણાધિન ડીસેલીનેશન પ્લાન્ટની મુલાકાત લીધી હતી. સાઈટ ખાતે મંત્રીશ્રી તેમજ તેમના અંગત સચિવશ્રીએ ચાલી રહેલા અલગ અલગ બિલ્ડિંગ અને સ્ટોરેજ સ્ટ્રક્ચર માટેના વિવિધ ખોદકામ, બાંધકામ, ફેબ્રિકેશન, વગેરે માહિતી મેળવીને કાર્યોની પ્રગતિની સમિક્ષા કરી હતી.

વધુમાં સંલગ્ન સરકારી અને પ્રોજેક્ટ સંભાળતી ખાનગી કંપનીના અધિકારીશ્રીઓ સાથે વિગતવાર ચર્ચા કરીને કાર્ય ઝડપથી આગળ વધારવા તાકીદ કરી હતી. આ તકે મંત્રીશ્રીએ હર્ષદ ખાતે હરસિદ્ધિ માતાજીના મંદિરે શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા.

### આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઈ

# ગુજરાતમાં ચોમાસાની પેટર્ન બદલાતાં રોગચાળો વકર્યો

## ગુજરાતમાં સિઝનલ ફલુના કુલ ૧૬૧૪ કેસો નોંધાયા

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં ચોમાસાની પેટર્ન બદલાતાં રોગચાળો ફેલાયો છે. મોટાભાગના ઘરોમાં બીમારીના ખાટલા જોવા મળી રહ્યાં છે. એવામાં આરોગ્ય વિભાગના સર્વેક્ષણમાં સામે આવ્યું છે કે, હજુ ૧૫ દિવસ સુધી લોકોને રોગચાળામાંથી છૂટકારો નહીં મળી શકે.

ગાંધીનગરમાં આરોગ્ય મંત્રી, વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ આરોગ્ય કમિશનરેટના અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ રોગચાળાની સ્થિતિ અંગે માહિતી રજૂ થઈ હતી.

રાજ્યમાં હાલ પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો ફેલાયો છે. ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા વાહક રોગો તેમજ કોલેરા, ઝાડા-ઉલટી જેવી બીમારીઓની પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો છે. હજુ થોડા દિવસ ડેન્ગ્યુ માટે સર્વેલન્સ ચાલુ રહેશે. નોંધનીય છે કે, રાજ્યમાં સિઝનલ ફ્લુ તેમજ ઝાડા-ઉલ્ટી, કોલેરા અને ટાઈફોઈડના લક્ષણો પણ વધ્યાં છે.

આરોગ્ય વિભાગે દાવો કર્યો છે કે, અગાઉના વર્ષોની સરખામણીએ રોગચાળાની માત્રામાં ઘટાડો થયો છે. વધુ વરસાદ થયો છે તે જિલ્લામાં રોગોની પરિસ્થિતિ કંટ્રોલમાં જોવા મળી છે. હાલ ગુજરાતમાં સિઝનલ ફલુના કુલ ૧૬૧૪ કેસો નોંધાયા છે. આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે, ચાલુ વર્ષે વરસાદની પેટર્નને ધ્યાનમાં લેતાં હજી વધુ ૧૫ દિવસ સુધી ડેન્ગ્યુ નિવારણ માટે સર્વેલન્સ, પોરાનાશક કામગીરી અને પ્રચાર-પ્રસારના કામો વધુ સઘન બનાવવામાં આવશે. ડેન્ગ્યુ તેમજ ચિકનગુનિયા માટે જવાબદાર એડીસ ઈજિપ્તી મચ્છર દિવસે કરડતા હોવાથી પાણીના પાત્રો ઢાંકીને રાખવા, સ્વચ્છતા કાર્યક્રમમાં ઝાડી-ઝાંખરા દૂર કરવા અને કોઈપણ જગ્યાએ પાણી એકઠું ન થાય તેની કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે. સવાર અને સાંજે બારી બારણા બંધ રાખવા તથા ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગોના લક્ષણો જણાય તો ડોક્ટરની સલાહ મુજબ સારવાર કરવા તાકીદ કરાઈ છે.

### ઓર્ડર કર્યા વિના ઘરે પહોંચ્યા પાર્સલ

# એમેઝોનના નામે કસ્ટમર્સ સાથે ફ્રોડ કરવામાં આવ્યો

નવી દિલ્હી,તા.૩

ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ એમેઝોનના નામે એક નવા પ્રકારની છેતરપિંડી થઈ રહી છે. ડિલિવરી કરનારા લોકો ડિલિવરી સાથે ગ્રાહકોના ઘરે પહોંચી રહ્યા છે જેનો ગ્રાહકે ઓર્ડર આપ્યો ન હતો. જ્યારે આ ડિલિવરી બોય લોકોના ઘરે પહોંચે છે, ત્યારે તેઓ કહે છે કે ઓર્ડર કેસ ઓન ડિલિવરી છે. આવી સ્થિતિમાં, જો ઘરે હાજર લોકોને જાણ ન હોય, તો તેઓ એવું વિચારીને પેમેન્ટ કરે છે કે કોઈ પરિચિત વ્યક્તિએ તેમના માટે ઓર્ડર આપ્યો હશે. પરંતુ જ્યારે આ પાર્સલ ખોલવામાં આવે છે, ત્યારે તેની અંદર કંઈક સસ્તું જોવા મળે છે, જ્યારે ગ્રાહકોએ તેના માટે વધુ ચૂકવણી કરી હતી.

તાજેતરનો કેસ નોઈડાના સેક્ટર ૮૨ સ્થિત ઉદ્યોગ વિહાર (LIG) સોસાયટીનો છે. એક ડિલિવરી બોય ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બપોરે ૩.૧૦વાગ્યે અહીં એક ફ્લેટ પહોંચ્યો. આ વ્યક્તિએ ફ્લેટમાં હાજર મહિલાઓને કહ્યું કે તમારું પાર્સલ એમેઝોનથી આવ્યું છે. આ પાર્સલ પર ફ્લેટમાં રહેતી વ્યક્તિનું નામ અને સરનામું બરાબર લખેલું હતું. પરંતુ પાર્સલ પર લખેલી વિગતોમાં મોકલનારના નામ સિવાય અન્ય કોઈ માહિતી નહોતી. ડિલિવરી બોયએ કહ્યું કે આ પાર્સલ કેશ ઓન ડિલિવરી છે, એટલે કે તમારે તેની કિંમત ચૂકવવી પડશે.

ફ્લેટમાં હાજર મહિલાઓને લાગ્યું કે પરિવારના કોઈ સભ્યએ કંઈક ઓર્ડર કર્યો હશે. તેથી, આ મહિલાઓએ ડિલિવરી બોયને પાર્સલનું પેમેન્ટ ચૂકવ્યું અને તેની પાસેથી પાર્સલ લીધું. સાંજે જ્યારે પરિવારના વડા ઘરે આવ્યા ત્યારે તેને જાણવા મળ્યું કે તેમણે કંઈપણ મંગાવ્યું નથી. જ્યારે પાર્સલ ખોલવામાં આવ્યું ત્યારે તેમાં માંડ ૫૦ થી ૧૦૦ રૂપિયાની કિંમતની વસ્તુઓ હતી, જ્યારે તેની કિંમત ૬૯૯ રૂપિયા વસૂલવામાં આવી હતી. જ્યારે પીડિત પરિવારે એમેઝોનના કસ્ટમર કેરનો સંપર્ક કર્યો ત્યારે તેઓ પણ પાર્સલ મોકલનારની વિગતો મેળવી શક્યા ન હતા અને ફરિયાદ નોંધાવ્યા બાદ તેઓએ કહ્યું કે તમને ૨ દિવસમાં આ બાબતે અપડેટ મળી જશે. આ વાતને ૨૪ કલાક પણ વીત્યા ન હતા ત્યારે ૧ ઓક્ટોબરે ફરી એકવાર ડિલિવરી બોય સાંજે ૫.૧૫ વાગ્યે એ જ ફ્લેટ પર પહોંચ્યો અને કહ્યું કે તમારું પાર્સલ આવી ગયું છે, પરંતુ તે કેશ ઓન ડિલિવરી છે.

આ એ જ ડિલિવરી બોય હતો જેણે એક દિવસ અગાઉ આવી જ રીતે ગ્રાહક પાસેથી પેમેન્ટ લીધું હતું. પરંતુ ૧ ઓક્ટોબરે પરિવારના વડા ઘરે હાજર હતા તેમણે ડિલિવરી બોયની પૂછપરછ શરૂ કરી હતી.

આવી સ્થિતિમાં, ડિલિવરી બોય ગભરાઈ ગયો અને કહ્યું કે જો આ તમારું પાર્સલ નથી તો હું તેને કેન્સલ કરીશ અને હવેથી તમને પાર્સલ નહીં મળે. આ સમય દરમિયાન, ડિલિવરી બોયએ પણ ફોન પર કોઈની સાથે વાત કરી અને તેને કહ્યું કે ગ્રાહક જાગૃત છે, તેને ભવિષ્યમાં કોઈ સમસ્યાનો સામનો કરવો ન પડે. ગ્રાહકને ડિલિવરી બોયની વાત પર શંકા જતાં તેણે ડિલિવરી બોયની બાઈકનો ફોટો લીધો. પરંતુ ડિલિવરી બોયની બાઈકની નંબર પ્લેટ અડધી તૂટેલી જોઈને ગ્રાહક દંગ રહી ગયો હતો, જેના કારણે તેનો પત્તો લાગવો અશક્ય હતો.

તમામ શંકાસ્પદ બાબતો સામે આવ્યા બાદ જ્યારે ડિલિવરી બોય ત્યાંથી ચાલ્યો ગયો ત્યારે ગ્રાહકે એમેઝોનની હેલ્પલાઈન પર ફોન કરીને સમગ્ર મામલો જણાવ્યો. જે બાદ અમેઝોને ફરિયાદ નોંધાવી અને ગ્રાહકને જણાવ્યું કે તેની સાથે છેતરપિંડી થઈ છે. હકીકતમાં, એક દિવસ પહેલા વિતરિત પેકેટના 'બાર કોડ' પરથી, એમેઝોનના ગ્રાહક સંભાળ અધિકારીએ છેતરપિંડીની પુષ્ટિ કરી. જે બાદ પીડિત પરિવારે યુપીની સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર રિપોર્ટ નોંધાવ્યો છે.

આ છેતરપિંડી કોઈપણ વ્યક્તિ સાથે થઈ શકે છે, આવી સ્થિતિમાં દરેકે જાગૃત રહેવાની જરૂર છે અને જો આવી કોઈ ઘટના પ્રકાશમાં આવે તો તરત જ સાયબર ક્રાઈમમાં રિપોર્ટ દાખલ કરો.

### ઈરાની ટ્રોફીમાં મુંબઈ માટે સદી ફટકારી

# સરફરાઝ ખાને ૧૪૯ બોલમાં સદીનો આંકડો સ્પર્શ કર્યો

## સદી ફટકાર્યા બાદ સરફરાઝખાને જબરદસ્ત ઉજવણી કરી, હેલ્મેટ ઉતારી, હવામાં કૂદ્યો અને પછી ચુંબન કર્યું



મુંબઈ, તા.૩

સરફરાઝ ખાનને બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીમાં તક મળી ન હતી, પરંતુ આ યુવા બેટ્સમેને ઈરાની ટ્રોફીમાં આ કાર્ય પૂર્ણ કર્યું. સરફરાઝ ખાને ઈરાની ટ્રોફીમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે મુંબઈ માટે ૧૪૯ બોલમાં સદીનો આંકડો સ્પર્શ કર્યો હતો. આ પછી સરફરાઝ ખાનનું સેલિબ્રેશન જોવા જેવું હતું. હેલ્મેટ ઉતાર્યા બાદ સરફરાઝ ખાને તેના ગળામાં પહેરેલા તાવીજને ચુંબન કર્યું. સાથે જ સદી પૂરી કર્યા બાદ સરફરાઝ ખાન ખુશીથી ઉછળી પડ્યો હતો. ક્રિકેટ ચાહકો સરફરાઝ ખાનના સેલિબ્રેશનને ખૂબ પસંદ કરી રહ્યા છે. સરફરાઝ ખાને ડોમેસ્ટિક ક્રિકેટમાં ઘણા રન બનાવ્યા છે. આ પછી સરફરાઝ ખાનને ટીમ ઈન્ડિયા માટે રમવાની તક મળી. સરફરાઝ ખાને અત્યાર સુધી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૫ સદી ફટકારી છે. જ્યારે આ યુવા બેટ્સમેને ફર્સ્ટ ક્લાસ મેચોમાં ૫૧ વખત સદીનો આંકડો પાર કર્યો છે. તેમજ ૧૪ વખત પચાસ રન બનાવ્યા છે. હવે સરફરાઝ ખાને ઈરાની ટ્રોફીમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે મુંબઈ માટે જબરદસ્ત સદી ફટકારી છે. સરફરાઝ ખાનની સદી બાદ તેની સેલિબ્રેશન સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આ સિવાય સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. જ્યારે, જો આપણે ઈરાની ટ્રોફીમાં મુંબઈ વિ રેસ્ટ ઓફ ઈન્ડિયા મેચની વાત કરીએ તો સરફરાઝ ખાન સિવાય અજિંક્ય રહાણે અને શ્રેયસ અય્યરે જબરદસ્ત પ્રદર્શન કર્યું હતું. અલબત્ત, અજિંક્ય રહાણે તેની સદી ચૂકી ગયો, પરંતુ તેણે ૯૭ રનની શાનદાર ઈનિંગ રમી. આ સિવાય શ્રેયસ અય્યરે ૫૭ રનનું યોગદાન આપ્યું હતું.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત

**વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024માં આપ સૌનું હાર્દિક સ્વાગત છે**



# ચાલો ઉજવીએ, વિશ્વનો સૌથી લાંબો અને ગુજરાતનો સૌથી ભવ્ય ગરબા મહોત્સવ

-: ઉદ્ઘાટન :-

**શ્રી અમિતભાઈ શાહ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીના વરદ્હસ્તે

-: વિશેષ ઉપસ્થિતિ :-

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

3 ઑક્ટોબર, 2024 સાંજે 8:00 વાગ્યાથી

ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા પાસે, અમદાવાદ




unesco
INTANGIBLE CULTURAL HERITAGE

## કાર્યક્રમ

**ઉદ્ઘાટન સમારોહ**
3 ઑક્ટોબર, 2024, "જય મા આદ્યશક્તિ"ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાઆરતી

**શેરી ગરબા**
4 થી 11 ઑક્ટોબર, 2024, રાત્રે 09.00 થી 11:45 વાગ્યા સુધી (પરંપરાગત પહેરવેશ ફરજિયાત)
જાણીતા કલાકારો દ્વારા મુખ્ય મંચ પર પ્રસ્તુતિ

**મહાઆરતી**
4 થી 11 ઑક્ટોબર, 2024,
રાત્રે 11:45 વાગે

**અન્ય મુખ્ય આકર્ષણો**
3 થી 11 ઑક્ટોબર, 2024, સાંજે 05:00 થી રાત્રીના 12:00 વાગ્યા સુધી
થીમ પેવેલિયન | હસ્તકલા બજાર | ફૂડ સ્ટૉલ | બાલ નગરી | થીમેટિક ગેટ્સ | વિવિધ ઇન્સ્ટોલેશન

Gujarat Tourism

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લોક નંબર 16, ચોથો માળ, સેક્ટર-11, ગાંધીનગર - 382 010
ટોલ ફ્રી નંબર: 1800 203 1111 | વેબસાઇટ: www.gujarattourism.com

વધુ વિગતો માટે QR સ્કેન કરો

(જાહેર જનતા માટે નિઃશુલ્ક પ્રવેશ)